Rs. 5/-

શ્રી સ્વામિનારાયણ

April 2009

નૈરોબી
(શ્રી કચ્છ સ્વા. સત્સંગ)
મંદિરમાં
પ.પૂ. મોટા મહારાજશ્રીના
વરદ્ હસ્તે રંગોત્સવ
અને
પ.પૂ.લાલજી મહારાજશ્રીના
વરદ્ હસ્તે
કાલુપુર મંદિરમાં
ફુલદોલોત્સવ

પ્રકાશક: શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧



પૂ.મોટા મહારાજશ્રીની શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના લાભાર્થે પૂર્વ
ફ્રિકા ના પ્રવાસ દરમ્યાન નૈરોબીમાં એક કોરીની મુલાકાતે સાથે સંત
ળ



કંપાલામાં એક હરિભક્તના ઘેર પધરામણી દરમ્યાન પ.પૂ.મોટા
મહારાજશ્રીની આરતી ઉતારતા અગ્રગણ્ય હરિભક્તો



કિસુમુ આપણા મંદિરમાં પ.પૂ.મોટા મહારાજશ્રીની
આરતી ઉતારતા હરિભક્તો





નૈરોબી (ક.સ્વા.સ.) મંદિરમાં સભામાં આશીર્વાદ આપતા
પ.પૂ.મોટા મહારાજશ્રી




ટોરોરો મંદિરમાં આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી



ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે સભામાં
પાર્લામેન્ટના સભ્ય મી.કરોલ બ્યુમોન્ટ ધન્યતા અનુભવે છે.



ભીમપુરા (માણસા) પ્રથમ પાટોત્સવ પ્રસંગે યજમાન પરિવાર



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)
પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 | અંક : 24 | અપ્રેલ-2009

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	3
3.	શતં જીવઃ શરદ	૪
૪.	શ્રીહરિના અપર સ્વરૂપના મુખેથી આશીર્વચન	૫
૫.	હોરી ખેલે મહારાજા શ્રીપુરમેં હોરી ખેલે મહારાજા	૭
૬.	શું ધર્મવંશી આચાર્ય પદની અવજ્ઞાથી અક્ષરધામની પ્રાપ્તિ થઇ શકે ?	૯
૭.	આદિ આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની મહત્તા	૧૦
૮.	દિયર-ભાભીનું હેત	૧૧
૯.	પ્રભુનું બળ એટલે શરણાગતિ	૧૨
૧૦.	મૂર્તિ-પ્રતિષ્ઠા એવમ્ શહેર ચોર્યાશી મહોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા અમદાવાદ	૧૩
૧૧.	હરિભજતા સહું મોટપ પામે	૨૧
૧૨.	સત્સંગ બાલવાટિકા	૨૨
૧૩.	ભક્તિસુધા	૨૪
૧૪.	પ્રશ્નપેટી	૨૯
૧૫.	સત્સંગ સમાચાર	૩૦

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :
મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

અસ્મદીયમ્

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સત્સંગની સ્થાપના કરીને આ સત્સંગમાં શ્રીજી મહારાજે કલ્યાણનો મહા માર્ગ પ્રસ્થાપિત કર્યો. બહુજ ટૂંકા ગાળામાં શ્રીજી મહારાજે કરોડો જીવોને આલોકને પરલોકમાં સુખી થવાના ઉપાયવાળું જીવન જીવતા શીખવ્યું. પરંતુ સર્વાવતારી ભગવાનની સર્વોપરિતા જાણોતો, એ હતી કે શ્રીહરિએ કરોડો જીવોને સત્સંગ એટલે કે જીવન સુધારણા અને આત્મપરિવર્તન કોઈ વશીકરણ, ચમત્કાર કે ભયથી નહીં પરંતુ સમજણ દ્વારા કરાવ્યો. અને પોતે જાતે ગામોગામ ઘરોઘર ફર્યા સંતોને પણ દેશદેશાંતરમાં વિચરણ કરાવ્યું અને સંતો અને મહારાજે એક એક જીવને પોતાની સમીપમાં રાખી એને સાચી સમજણ સત્સંગની આપી. સત્સંગ, ભક્તિ, વ્રત, દર્શન મહિમા અને સમજણથી થાય તેવો શ્રેષ્ઠ સત્સંગ કરીએ. આપણે આપણા અંતરને પૂછીએ કે સત્સંગ, ભજન, ભક્તિ, વ્રત, દાન, તપ, પૂજા શા માટે કરુ છું ? મને કોઈ ભક્ત જાણે માટે ? મારી છાપ સમાજમાં સજ્જન તરીકેની પડે એ માટે ! મારુ સન્માન વધે કે મારો મોભો વધે એટલા માટે ? ઘર-પરિવારથી અણબનાવ છે એ માટે ? આ ઉમંરે મંદિર સિવાય હવે ક્યાંય ન શોભું એટલા માટે ! આ વિચાર કરીએ. જો આનો જવાબ "હા" આવતો હોય તો માનવું કે હજી સમજણમાં કચાશ છે. હું સત્સંગ કરું છું તો માત્ર ને માત્ર મારા જીવની ઉન્નતિ માટે, મારા આત્માના કલ્યાણ માટે, મારી અને મારા ભગવાન વચ્ચેની નિકટતા વધે તે માટે. આવી સમજણ કેળવીએ તો મહારાજનો વિશેષ રાજીપો થાય અને સત્સંગ કરવાનો આનંદ અને સત્સંગમાંથી પ્રાપ્ત થતો રસ વધતો ને વધતો રહે. આવી સમજણ આવે તો માનવું કે હવે કૃત્ય કૃત્ય ધન્ય ધન્ય થયો છું.

આપણો **"શ્રી ધર્મકુળ વંદના મહોત્સવ"** હવે તો જાણે સાવ નજીક આવી ગયો છે. દેશ-વિદેશમાંથી ભક્તજનો પોત પોતાની શક્તિ પ્રમાણે એમાં સહભાગી થઈ રહ્યા છે. આપણે કદાચ એક લોટો પાણી સમુદ્રમાં રેડવું હોય તો ઘણું અધરુ પડે અને કદાચ અશક્ય થાય, પરંતુ જો એજ લોટો સમુદ્ર સુધી વહેતી નદીમાં પધરાવીએ તો આપણું કાર્ય સિદ્ધ થાય. તન, મન, ધનથી આપણે સૌ આ મહોત્સવમાં ભળીએ એજ અભ્યર્થના.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

નવું પ્રકાશન : શ્રી સ્વામિનારાયણ ટી.વી. સીરીયલના કીર્તનોની MP3 સીડી

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર ,અમદાવાદ દ્વારા શ્રી સ્વામિનારાયણ ટી.વી. સીરીયલના કીર્તનનું **MP3** સીડીમાં પ્રકાશનમાં કરવામાં આવ્યું છે. જે શ્રી સ્વામિનારાયણ મંદિરના સાહિત્ય કેન્દ્ર ઉપરથી મળશે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (માર્ચ - ૨૦૦૯)



૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા અને શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
ડૉ. ચિંતન કેવળદાસ પટેલની હોસ્પિટલમાં પધરામણી સોલા રોડ, ભૂયંગદેવ.

૨. શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી. રાત્રે ભૂજ પધાર્યા.

૩. રાપર (કચ્છ) પધરામણી.

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ-બાપુનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર કંજરીકંપા ૫૦ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા અને રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ગુનમા 'ધર્મકુળ વંદના મહોત્સવ' પ્રસંગે આયોજીત સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
પ.ભ. મનોજભાઈ ઘનશ્યામભાઈ દલાલને ત્યાં પધરામણી - નવાવાડજ.

૧૧. થી ૧૨. ભુજ (કચ્છ) મદનપુર (કચ્છ) પધરામણી.

૧૩. થી ૨૫. માર્ચ, અમેરિકાના ધર્મપ્રવાસે પધરામણી.

૨૬. થી ૨૭. કેરા (કચ્છ) પધરામણી.

૨૮. રડોદરા ગામે પધરામણી.

૨૯. ધનસુરા ગામે પધરામણી.

૩૦. જામસર હાલાર (મૂળી દેશ) પારાયણ પ્રસંગે પધરામણી. ત્યાંથી રાજકોટ હરિભક્તોને ત્યાં પધરામણી.


૩૧. ભાવનગરપુરા (પ્રતાપપુરા) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

શતં જીવઃ શરદ

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જમીયતપુરા (મહંત સ્વામી, માણસા)


"અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવા ભૂંડા પ્રારબ્ધ હોય તો રૂડા થાય અને ગમે તેવું તેના માથે વિઘ્ન આવનાર હોય તે નાશ થઈ જાય....." ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃત ગ.પ્ર. ૫૮ ના આ અમૃતવચનો એ કંગાલ અને હીન સંસ્કારેયુક્ત મલિન જીવો માટે પણ રાજાધિરાજ બની સુખ શાંતિના શિખરે વિહરવાનું મોક્ષપ્રદાન દ્વાર જ ખોલી આપ્યું છે. વળી શ્રીજી મહારાજે જે જે વચનો કહ્યા તે માત્ર કથન પૂરતા સિમીત રાખ્યા નથી પરંતુ સાથો સાથ પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી આ બ્રહ્માંડને એવા દિવ્ય પુરુષોની ઉપસ્થિતિનું અભય વરદાન આપીને ધરણીને સદાને માટે સનાથ કરી દીધી. એવા જ એક દિવ્યાતિદિવ્ય ઓજસનું અવતરણ થયું. સંવત ૨૦૦૦ ના ચૈત્ર વદ ત્રીજના શુભ દિને ! ધર્મકુળ મુગટમણીએ સમગ્ર સત્સંગ અને ધર્મકુળને ધન્ય કર્યું. ચિન્મય ધોધના ઝગમતા આ સિતારાની ઝળહળતી જ્યોતિ પારખીને નામાભિધાન થયું. "તેજેન્દ્રપ્રસાદ" બાળપણમાં પિતાનો ખોળો ખુંદ્યો ન ખુંદ્યો. ત્યાં તો હજુ મૂછનો દોરો પણ ફુટ્યો ન હતો. એવી કિશોર વયમાં આભ જેવડી જવાબદારી શિરે આવી પડી. વર્ણીવેષ નિલકંઠે જે ધોરી માર્ગનું ઉદ્‌ભવન કર્યું હતું તે મોક્ષમાર્ગને મંઝીલ આપવાનો દોરી સંચાર એવો તો કૂનેહપૂર્વક આ ધીર ધુરંધરે સંભાળ્યો કે કેડીમાંથી પસાર થતા સત્સંગ રથને વિશાળ રાજમાર્ગ પર દોડતો કરી દીધો ! તપતા તેજના સઘળા આકરા તાપ આજ દિવસ સુધી માત્ર પોતે એકલા સહેતા રહ્યા. પુરુષોત્તમ પ્રકાશમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીની પંક્તિઓ દ્વારા શ્રીહરિના હૃદયગત અભિપ્રાયે પ.પૂ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના તેજસ્વી મુખારવિંદના દર્શન કરતા નજર સામે તરવરે છે કે,

"જેવું અમારુ કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે.
માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે.
અતિ ધર્મવાળા જોઈ જન રે. રેવા માની ગયુ મારુ મન રે.
માટે એને પૂજે હું પૂજાણો રે, તે તો જરૂર જન મન જાણો રે."



સમુદ્રની ગહેરાઈ, નદી જેવું નિર્મળ વહેતું જીવન, વૃક્ષ જેવું પ્રદાન અને ગાય જેવી ગરીબાઈ, કમળ નયન અને ગુલાબી ખીલતાં ગુલાબ જેવું સદાય હસતુ રહેતું અલૌકિક મુખારવિંદ આ બધું તો શ્રીહરિના વિહરતા આ સ્વરૂપમાં સૌ કોઈને જીવનભર સહજ અનુભવાયું પરંતુ એથી અનંતગણું સૌજન્ય પૂર્ણ તેઓશ્રીના આશરે સૌ કોઈને જે મમત્વ સાંપડ્યું છે તે અત્યંત દુર્લભ છે. સમગ્ર સત્સંગને સદૈવ તેઓ મારા જ લાગ્યા છે. અને તે આવા મોટા પુરુષને માટે મારાપણાની દૃઢ લાગણીને જ શ્રીમદ્‌ ભાગવત ગીતાજીએ પરમ કલ્યાણ કહ્યું છે. અનંત જીવોના કલ્યાણકારી આ પુરુષે ભલે સમગ્ર સત્તાની કાંચળી પળભરમાં ઉતારી નાંખી પણ કરોડો ભક્તવૃંદના હૃદય સિંહાસનમાંથી ઉતરવાની તો શું પણ ઉભા થવાને પણ એ સ્વંય શક્તિમાન નથી. જેમ તેઓશ્રીની શીતળ દૃષ્ટિ સૌ પર અમી વરસાવતી રહે છે તેમ સંતો-ભક્તોની મીટ પણ આપની મુસ્કાન પર મંડાયેલી જ રહે છે. માટે હે દયાનિધાન આજના (પ્રાગટ્ય) મંગલ પર્વે અમો તો શ્રીહરિને એજ પ્રાર્થીએ છીએ કે **શતંમ્ જીવો શરદઃ** આપને ઓળખાવતા શ્રીહરિ પણ અમો સૌને કહે છે કે,

"એહ આચારજથી અપાર રે, બહુ જીવનો થાશે ઉદ્ધાર રે,
એમાં નહિ પડે કાંઈ ફેર રે, શીદ કેવરાવો વેરવેર રે..."



શ્રીહરિના અપર સ્વરૂપના મુખેથી આશીર્વચન

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

તા. ૨૮-૨-૦૯ ના રોજ અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે અને તા. ૧-૩-૦૯ ના રોજ કાંકરિયા મંદિર શ્રી ઘનશ્યામ મહારાજના પ્રતિષ્ઠા પ્રસંગે નિમિત્તે પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીના મુખેથી જે આશીર્વચનો સાંભળ્યા તે સંક્ષિપ્ત રૂપે અત્રે લખું છું. નિષ્ઠાવાન હરિભક્તોને તેમજ અંકના દરેક વાંચક વર્ગને સુખકારી અને જીવનમાં ઉતારવા યોગ્ય આવા આશીર્વચન મને પણ લખતા ખૂબ સુખ થાય છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી : શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું, કોઈ મોટા શેઠે હુંડી લખી હોય તે પ્રથમ તો કાગળ જેવું જણાય, પરંતુ તે હુંડી જ્યારે પાકે ત્યારે તેમાંથી ધનના ઢગલા થાય. તેમ કોઈ મોટા પુરુષે આપણને કોઈ વાતની આજ્ઞા કરી હોય તે પ્રથમ તો તેમાં કંઈ લાભ જણાય નહિ. પરંતુ આજ્ઞા મુજબ વર્તીએ તો સમયાંતરે જ્યારે લાભ થાય ત્યારે તે વાતની ખબર પડે. એથી આગળ સર્વાવતારી સર્વોપરિ શ્રીજી મહારાજે આપણને શિક્ષાપત્રીમાં લખીને વિધિ અને નિષેધ રૂપે આજ્ઞાઓ કરી છે. તે પ્રથમ દૃષ્ટિએ તેમ વર્તવાથી કંઈ પ્રાપ્તિ જણાય નહિ. પરંતુ કાયમ માટે તે પ્રમાણે જેઓ દ્રઢ પણે વર્ત્યા છે તેઓને આપણે જાણીએ છીએ કે આલોકમાં તેઓ સુખી થઈને અંતે ભગવાનના ધામને પામ્યા છે.

સુવર્ણ ખરીદવાની જેની શક્તિ ન હોય તેવા ઘણા લોકો ઢોળ ચડાવેલા ખોટા આભૂષણો પહેરતા હોય છે. પરંતુ તેમને પણ અંતરની તો એક ઈચ્છા હોય જ છે કે આપણે પણ જ્યારે સોનું ખરીદી શકાય ત્યારે સોનાના સાચા ઘરેણા પહેરીશું. અમે એક ઘેર પધરામણીએ ગયા તો બારસાખ પર તે ભાઈએ પ્લાસ્ટીકના નકલી લીંબુ મરચા બાંધેલા. અમે પૂછયું કે આ શું ? તો કહે કે સાચા લીંબુ મરચા રોજ ખરીદવા ન પડે ને એટલે આ બાંધ્યા છે ! ભગવાન મળ્યા પછી નડતર વગેરેનો ખ્યાલ જ ખોટો છે. અને તેમાં પણ નકલી વસ્તુ તો ક્યારેય અસલ વસ્તુ તરીકે કામ આપી શકતી નથી. આ તો એક આત્માને છેતરવાનો માર્ગ છે. આપણને તો શ્રીજી મહારાજે મૂળભૂત સ્થાનો આપ્યો છે. આ મૂળ સ્થાનોનો આપણે સૌએ વિકાસ કરવાનો છે. અંતમાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી : ખેડૂત હોય તે કૂવાના કે બોરના પાણી વડે ખેતરમાં ક્યારા કરીને પાણી પાય તે એક, બે કે ચોવીસ કલાકમાં વધારેમાં વધારે ૪-૬ વીઘા જમીનને ભીની કરી શકે. ખેડૂત જે ખેતરને પાણી પાય છે તે પુરુષ પ્રયત્ન છે. એજ જગ્યાએ જો ભગવાન વરસાદ વરસાવે તો એક કલાકમાં એક ખેતર નહિ પરંતુ એકી સાથે કેટલાય ખેતરોને પાણી પાય દે. ભગવાન વરસાદ વરસાવે તે ઈશ્વર કૃપા છે. પુરુષ પ્રયત્ને કરીને કદાચ લાખો રૂપિયા આવે તો સામે ક્યારે જતા રહે એ પણ ખબર પડતી નથી. શેર બજારમાં તેજી હોય ત્યારે માણસ ઉંચો ચાલે. પરંતુ મંદી આવે ત્યારે શું દશા થાય છે તે ઘણાએ અનુભવ્યું છે. જેના પર ભગવાન કૃપા કરે છે તેનું અક્ષય થાય છે. ખૂટતું નથી. તેવી જ રીતે આપણને જે ભગવાને માર્ગ બતાવ્યો છે તેની બહાર જઈએ તો ખબર પડે. અડધા ભૂખ્યા મારી નાંખે. ધારણા કરાવે. પારણા કરાવે, ઊંધા પાડે. ચત્તા પાડે તો પણ કલ્યાણનું તો છેટું જ રહે છે. પુરુષ પ્રયત્નથી થઈ થઈને કેટલું થાય ? આપણા ભાગમાં જે આવ્યું છે. આપણા સૌના પર જે ભગવાનની કૃપા થઈ છે તેમાં તો ચાર ટાઈમ લાડવા ખાઈને સૂઈ

જવાનું તો પણ પાછું કલ્યાણ તો ખરુ જ ! આવો ભગવાન, આપણો બાપ કોઈ થયો નથી ને થવાનો નથી ! માત્ર આપણે એમના થઈને રહેવાનું છે. નિષ્ઠા દ્રઢ કરવાની છે.

ઘણા અમને કહેતા હોય છે કે મહારાજશ્રી, આપ હંમેશ હસતા રહો છો. હસીએ કેમ નહીં ? આપણને આવા ભગવાન મળ્યા છે. તેનો અંતરમાં અહો નિશ આનંદ હોવો જોઈએ. અમે ઘણીવાર કહીએ છીએ કે અમે નરનારાયણદેવના પાટોત્સવની તથા કેશર સ્નાન એમ બે દિવસની કાયમ રાહ જોતા હોઈએ છીએ. શા માટે ? એ દિવસે અમને નરનારાયણદેવના ચરણ સ્પર્શ કરવાનો લાભ પ્રાપ્ત થાય છે. પાટોત્સવના દિવસે અમે નરનારાયણદેવના ચરણ સ્પર્શ કરી ચરણોમાં મસ્તક મૂકીને આખા વર્ષના સત્સંગનો સઘળો કાર્યભાર તેમને સોંપી દઈએ છીએ અને હળવાફૂલ બની આખું વરસ હસતા રહીએ છીએ.

પાટોત્સવ તથા સુવર્ણ ધ્વજ દંડના યજમાનોનો તો અમને પરિચય છે જે ફક્ત તેઓને જ અમે ઓળખીએ છીએ એવું નથી. પરંતુ તમો સૌ અમારા પરિવારના છો. પરિચિત છો. સેવા એટલે ફક્ત પૈસા આપીએ તો જ સેવા થઈ એવુ નથી. અહીં કચરો પડ્યો હોય અને તમે તેને લઈને યોગ્ય જગ્યાએ નાંખો તો તે પણ સેવા કહેવાય છે અને તેનું અનંત ઘણું ફળ થાય છે. વિશેષ નહિ કહેતા તમે સૌ નોકરી, ધંધા છોડી અહીં આવ્યા છો. તે તમારી દુકાનો ધંધા અવિરત ચાલ્યા કરે ને મહારાજ તમને સૌને ખૂબ સુખિયા કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

કાંકરિયા મંદિર : અહીં હનુમાનદાદા બિરાજમાન થયા ત્યાર પછી તે મંદિરમાં, ભગવાનના મંદિરના નિર્માણમાં જેમણે જેમણે સેવા કરી છે તેઓના મકાનો બદલી ગયા છે. કારણ કે તેઓએ ભગવાન અર્થે કર્યું. આપણે ભગવાનનું ધ્યાન રાખીએ તો ભગવાન આપણું ધ્યાન રાખે છે. ખરેખર મંદિર અને દેવ માટે જે જે સેવા કરીએ છીએ તેજ ભગવાનના ચોપડે લખાય છે. ઘણા કહેતા હોય છે કે આટલા મંદિરો શા માટે ? તેનો હેતુ એવો છે કે આપણે ભગવાનનું એક મંદિર કરીએ છીએ તેનાથી બીજા કેટલાય મંદિરો થતા હોય છે. તમે સર્વેએ ઠાકોરજીના મંદિરો છો. કારણ કે મંદિરે જે આવે છે તેનામાં સંસ્કાર આવે છે. ધર્મ આવે છે. આ બધું મંદિરેથી જ થાય છે.

ધન, સત્તા, પદ, શરીર આ બધું નાશવંત છે. લાંબો ટાઈમ આ બધું રહેતું નથી. સમયાંત્તરે છીનવાય જાય છે. પરંતુ ભક્તની પદવી કોઈ લઈ શકતું નથી. ભક્તનું બિરુદ કાયમી રહે છે. આ મંદિરના બન્ને સંતો તથા તેમના મંડળ ઉપર શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા છે. કારણ કે નરનારાયણદેવના આ મંદિરોમાં તેઓએ કોઈપણ સ્વાર્થ વિના સેવા કરી છે. અને એજ મોટી સેવા છે. એજ સાચું જ્ઞાન અને સાચો વૈરાગ્ય છે. બાકી તો વૈરાગ્યને જ્ઞાનની ઘણી મોટી મોટી વાતો થતી હોય છે. પરંતુ એવી વાતો કરનારા એક ટ્રસ્ટને પણ વિખેરી શકતા નથી. ફક્ત આગળ બેઠેલા નહીં પરંતુ જે પાછળ બેઠેલા છે તે સૌને શ્રીજી મહારાજ ખૂબ સુખિયા કરે એવી પ્રાર્થના.

આપણા આગામી ઉત્સવો

ચૈત્ર વદ-૩ રવિવાર તા. ૧૨-૪-૦૯ પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ અમદાવાદ કાલુપુરશ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધામધૂમથી સંપન્ન થશે.

વૈશાખ સુદ-૫ બુધવાર તા. ૨૯-૪-૦૯ ભુજ મંદિરમાં શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ

વૈશાખ સુદ-૬ ગુરુવાર તા. ૩૦-૪-૦૯ માણસા મંદિરમાં પાટોત્સવ

વૈશાખ સુદ-૧૦ સોમવાર તા. ૪-૫-૦૯ મથુરા મંદિર પાટોત્સવ (કથાપારાયણ તા. ૩૦-૪-૦૯ થી તા. ૪-૫-૦૯)

વૈશાખ સુદ-૧૫ શનિવાર તા. ૯-૫-૦૯ હરિદ્વાર મંદિર (કનખલ) પાટોત્સવ

વૈશાખ વદ-૨ સોમવાર તા. ૧૧-૫-૦૯ પેથાપુર મંદિર પાટોત્સવ

વૈખાખ વદ-૫ ગુરુવાર તા. ૧૪-૫-૦૯ ધોળકા મંદિર પાટોત્સવ

હોરી ખેલે મહારાજા શ્રીપુરમેં હોરી ખેલે મહારાજા

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

શ્રીપુર (અમદાવાદ) શહેરને આંગણે શ્રીહરિએ બે વખત હુતાશની તથા ફુલદોલોત્સવના ઉત્સવો કરેલા.

સંવત ૧૮૫૯ માં શ્રીહરિ બીજી વખત અમદાવાદ પધાર્યા હતા. સં. ૧૮૫૯ નો માધ માસ હજુ બેઠો હતો. શ્રીહરિ મછીયાવથી વીંછીયા અને ત્યાંથી સાણંદ થઈ સરખેજ ગામે પધાર્યા. એ વખતની શ્રીનગર (અમદાવાદ)ની શોભા જોઈ શ્રીહરિ ખૂબજ રાજી થયા.

ફાગણ સુદ પૂનમનો હુતાશનીનો દિવસ આવ્યો. તે દિવસે ભક્તોએ વિવિધ ઉપચારોથી શ્રીહરિનું પૂજન કર્યું. ખજૂર, ખારેકો, જારની ધાણી, ચણા, ખાંડના હારડાઓ વગેરેની ભેટ ધરીને ઉત્સવો કર્યા. ભક્તજનોનો ભાવ જોઈ શ્રીજી મહારાજ અતિ આનંદ પામ્યા. પછી શ્રીહરિ ભક્તોને કહેવા લાગ્યા કે, "આવતી કાલે (ફાગણ વદી પડવાના દિવસે) શ્રી નરનારાયણદેવનો જન્મોત્સવ (ફુલદોલ) છે. તો તે જન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવો જોઈએ. તે અંગેની બધી જ તૈયારીઓ કરો."

ફાગણ વદી પડવાના દિવસે શ્રીહરિ, સવારે વહેલા ઉઠી સ્નાન સંધ્યા વગેરે પોતાનું નિત્યકર્મ કરી તૈયાર થયા. પછી સંતોએ તથા સત્સંગીજનોએ આસોપાલવનાં તોરણો તથા અનેક પ્રકારનાં ફુલો તથા કેળના સ્થંભો તથા આંબાના પાન તથા મોરથી સુંદર હીંડોળો બનાવ્યો તથા રંગો પણ તૈયાર કરી રાખ્યા. પછી સમય થયો ત્યારે શ્રી નરનારાયણદેવની સુવર્ણની મૂર્તિઓને પંચામૃતથી સ્નાન કરાવી હીંડોળામાં પધરાવી ધૂપ દીપ તથા ષોડશોપચારથી પૂજન કરી આરતી કરી નૌવૈદ્ય ધરાવ્યું. પછી હરિભક્તોએ ખૂબ ભાવપૂર્વક વાજીંત્રો વગાડી ઉત્સવ કર્યો.

સંવત ૧૮૫૯ ની વસંત પંચમીથી આરંભી ફૂલદોલ સુધી આશરે દોઢ માસ પર્યત અમદાવાદના ઉત્સવિયા હરિભક્તોએ રોજેરોજ ઝાંઝ, મૃદંગ વગેરે વાજીંત્રો વગાડી શ્રીહરિ આગળ પ્રેમથી ઉત્સવ કરી શ્રીહરિને રાજી કર્યા હતા. ત્યારથી આરંભી આજ પર્યંત અમદાવાદના ઉત્સવિયા હરિભક્તો દર સાલ વસંત પંચમીથી ફૂલદોલ સુધી રોજ શ્રી નરનારાયણદેવ આગળ ખૂબ ઉત્સાહાથી ઉત્સવ કરે છે. અને તે ઉત્સવની શોભા એટલી અનેરી હોય છે કે જેમણે તે ઉત્સવ જોયો હશે તેમના અંતરમાં એ ઉત્સવની અમીટ છાપ હરહંમેશ અંકિત થઈ ચૂકી હશે !

અમદાવાદને આંગણે ઉજવાયેલો આ પ્રથમ ફૂલદોલોત્સવ હતો. શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી નરનારાયણદેવનો મહિમા પ્રસ્થાપિત કર્યો હતો. અને એ મહિમા સર્વે ભક્તજનોનાં હૈયામાં ઉત્સવ સ્વરૂપે વ્યાપી



ગયો !

ત્યારપછી છેક સંવત ૧૮૮૧ માં શ્રીહરિ જ્યારે એકવીશમી વખત અમદાવાદ પધાર્યા ત્યારે ફરીથી હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ રંગેચંગે ઉજવવામાંઆવેલો.

ગઢપુરથી સં. ૧૮૮૧ ના મહામાસમાં શ્રીહરિ ચાલ્યા તે સાંરંગપુર, સુંદરિયાણા, કંથારિયા, શિયાણી, તાવી, દેવળીયા, દદુકા, માછિયાવ વગેરે ગામોના હરિભક્તોની સેવાઓ અંગીકાર કરી સાણંદ થઈ અમદાવાદ આવ્યા. જેવા સમાચાર મળ્યા કે શ્રી સ્વામિનારાયણ મંદિર કાળુપુરમાં રહેતા સંતો તથા હરિભક્તો હારો તથા ભેટો તથા વાજિંત્રો સહિત સામૈયુ લઈ શ્રીહરિની સન્મુખ ચાલ્યા. પછી શહેરમાંથી પણ સંતો તથા સત્સંગીઓ આવ્યા. સૌએ અત્યંત ભાવથી પુષ્પના હારો પહેરાવી, સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી ચરણમાં માથું મૂકી શ્રીહરિનાં દર્શન કર્યા.

રોજ સંતો હોળીનાં પદો ગાતા હતા, ઉત્સવ કરતા હતા. હરિભક્તો ખારેક, ખજૂર ખાંડના હારડા વગેરે વસ્તુઓ લાવતા. શ્રીહરિ રોજ સભામાં ગુલાલ ઉડાડતા ને પ્રસાદ વહેંચતા. એમ કરતાં ફાગણ સુદ પૂનમ પૂરી થઈ.

ફાગણ વદી પડવો એટલે શ્રી નરનારાયણ જયંતીનો દિવસ આવ્યો. શ્રી નરનારાયણદેવનું વિધિપૂર્વક પૂજન કરી આરતી કરી. પછી ભગવાનને પુષ્પના તથા આસોપાલવના પાનથી બનાવેલા શોભાયમાન હીંડોળામાં પધરાવી ઝુલાવવા લાગ્યા. પછી શ્રી નરનારાયણદેવના સન્મુખ ચોકમાં (હાલમાં જ્યાં છત્રી છે ત્યાં) પૂર્વ પશ્ચિમ મોટી પાટ મૂકી હતી તેના ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. સંતો, હરિભક્તો પણ આવીને બેસી ગયા. સંતો સભામાં હોળીના પદો ગાવા લાગ્યા. સમય થયો એટલે બ્રહ્મચારીએ કેસર તથા કેસૂડાને પલાળી ઉકાળી રંગ તૈયાર કર્યો હતો તે ભગવાનની પ્રસાદી કરાવી તાંબા પીત્તળના

મોટા ચરુઓમાં ભરીને શ્રીજી મહારાજ સન્મુખ મૂક્યો. પછી આધારાનંદ સ્વામીએ પ્રભુને સોનાની એક પિચકારી આપી. તેનાથી શ્રીહરિ રંગ છાંટવા લાગ્યા પણ પિચકારીમાં રંગ ઓછો ભરાતો હતો તેથી શ્રીહરિએ પિચકારી હેઠી મૂકી દીધી અને સોના રૂપાના બે મોટા કટોરા (તાંસળા) થી રંગ ઉડાડવા લાગ્યા.

સંતો તથા હરિભક્તોને કેસર-કેસૂડાના રંગથી રસબસ કરી દીધા. આખો નરનારાયણ ચોક રંગમય બની ગયો. પછી શ્રીહરિએ બધા ઉપર ખૂબ ગુલાલ ઉડાડ્યો તેથી ચોક રંગીન બની શોભવા લાગ્યો. ત્યાં આનંદ સ્વામીએ આવીને કહ્યું કે હે પ્રભો ! ગોવિંદભાઈ તથા હીરાચંદ ચોકસી આદિક ઉત્સવિયા હરિભક્તો વસંત પંચમીથી આરંભી આજ સુધી એટલે કે દોઢ માસ પર્યંત સંધ્યા આરતી પછી ખૂબ ભાવથી શ્રી નરનારાયણદેવ સન્મુખ નિત્ય ઉત્સવ કરે છે. તેમ જ એક માસ પર્યંત હીંડોળામાં ઉત્સવ કરે છે. બીજા એકાદશી વિગેરે ઉત્સવના દિવસોમાં પણ શ્રધ્ધાથી ઉત્સવ કરે છે. અત્યારે એ બધા હરિભક્તો ઉત્સવમાં હોવાથી આપની પ્રસાદીના રંગ વિના રહી ગયા છે. માટે તેઓ આપની પ્રસાદીના રંગની ઈચ્છા રાખે છે. તો આપ મંદિરમાં પધારી તેમના ઉપર રંગ નાખો તો સારું. રંગ ત્યાં રાખી મૂક્યો છે.'' પછી શ્રીહરિ મંદિરમાં આવ્યા અને ઉત્સવિયા ભક્તો ઉપર ખૂબ રંગ નાંખી તેમને રંગથી તરબોળ કરી દીધા. પછી ગુલાલ નાખ્યો, એમ આખો ઘૂંમટ, કોરી, રૂપચોકીઓ સહિત આખું મંદિર રંગમય બની ગયું !

રંગક્રીડા પત્યા પછી શ્રીહરિ સર્વે સંતો હરિભક્તો સાથે અશ્વ ઉપર સવાર થઈ સાબરમતી નદીમાં સ્નાન કરવા વાજતે ગાજતે ચાલ્યા. રાજ બજારમાં થઈ પાદશાહવાડીના રસ્તે ચાલ્યા. એક ગાઉ લાંબી સવારી હતી. સૌને શ્રીહરિ પોતાની પાસે ચાલતા હોય તેમ જણાતું હતું. રસ્તામાં શ્રીહરિ દાડમનું ફળ હાથમાં રાખી જમતા હતા. તે વખતે રસ્તામાં વિચિત્ર મણિ કંઠમાં બાંધેલો, છૂટા વાળવાળો હાથમાં કાળું પાત્ર લઈને એક ફકીરના જેવો વેશ ધારેલો મનુષ્યરૂપધારી દરિયાખાન આવ્યો. કૃપાળુ શ્રીહરિ એના કહેવાથી એક વડના વૃક્ષ નીચે ઊભા રહ્યા. પોતે જમેલું દાડમનું અડધું ફળ તેને પ્રસાદી તરીકે આપ્યું અને તેના મસ્તક ઉપર પોતાનાં ચરણકમળ મૂક્યાં એટલે તેનું વાસનામય શરીર છૂટી ભાગવતી તનું પામી મુક્ત જેવો બની ગયો અને શ્રીહરિ એ તેને બદરિકાશ્રમ મોકલ્યો. સંતો ભક્તો સહિત શ્રીહરિએ સાબરમતીના જળમાં સ્નાન કર્યું. એટલે સાબરમતીનાં નીર પણ કેસરવર્ણી બની ગયા.

શ્રીનગરમાં ઉજવાયેલ આ ભવ્ય દોલોત્સવના સાક્ષી રહેલા પ.પૂ. શ્રી અવધપ્રસાદજી મહારાજે આ ઉત્સવનાં ચાર પદો રચ્યા છે.

હોરી ખેલે મહારાજા શ્રીપુરમેં હોરી ખેલે મહારાજા
એક ઓર શ્રી ઘનશ્યામ સખા સબ, એક ઓર સંત સમાજા...શ્રી
કેસર રંગ ભરી પિચકારી, બાજત અનહદ બાજાં..... શ્રી
ઉડત ગુલાલ લાલ ભયે બાદલ, નીરખત સુરપતિ રાજા... શ્રી
અવધપ્રસાદ સંગ ખેલી, જનમ સુફળ કિયો કાજા... શ્રી

શ્રીજી મહરાજે શ્રીપુરના આ રંગોત્સવમાં જે પિચકારી, જામો, સુરવાલ, પાઘ, ખેસ ધારણ કરેલાં તે સર્વે પ્રસાદીનાં વસ્ત્રો જેવા છે તેવા (as it is) ધર્મકુળ પરંપરામાં આજે જળવાઈ રહ્યાં છે. આજ ફુલદોલના વસ્ત્રોને પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના દિવ્ય સંકલ્પ રૂપી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સૌ ભક્તજનો અને મુમુક્ષુઓનાં દર્શનાર્થે મૂકવામાં આવનાર છે. અમદાવાદમાં શ્રીહરિએ ઉજવેલ આ ભવ્ય રંગોત્સવ દરમ્યાન એમણે ધારણ કરેલ પિચકારી, જામો, સુરવાળ, ખેસ એ સર્વે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને પ્રસાદીરૂપે આપેલા.

આ સર્વે પ્રસાદીની પિચકારી અને વસ્ત્રો પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાસે ધર્મકુળ પરંપરામાં જેવાં છે તે તેવાં જળવાઈ રહ્યા છે. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આ દિવ્ય વસ્તુઓનાં સર્વે દર્શનાર્થીઓ જ્યારે દર્શન કરશે ત્યારે જાણે એ રંગોત્સવ આંખો સમક્ષ તાદેશ થશે એવો એનો મહિમા છે !

હોળી ધૂળેટી જેવા લોકભોગ્ય ઉત્સવોને શ્રીહરિએ સર્વોપરિ રંગથી ખૂબ રંગીન બનાવ્યા અને હુતાશની તથા ફૂલદોલ (ધૂળેટી) ને નવા સ્વરૂપે રજુ કર્યા.

આજે પણ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર કાળુપુરમાં પ્રતિવર્ષ ફુલદોલના મહામૂલા ઉત્સવના દિવસે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. લાલજી મહારાજશ્રી એ જળ પ્રસાદીનાં ચોકમાં ભક્તોને કેસૂડાનાં અને ગુલાલના રંગોથી રસબસ કરી દે છે !

પહેલાંના વખતમાં યાંત્રિક સાધનો નહોતા એટલે મોટી પાટ ઉપર બીજી પાટ મૂકી તેના ઉપર રંગનો ચરૂ મૂકવામાં આવતો અને આચાર્ય મહારાજશ્રી પિચકારીથી સૌ ઉપર રંગ છાંટણા કરતાં. આજે તો પાવર મોટરના ઉપયોગથી સર્વત્ર એ રંગ છાંટણા ઉડે છે.

કેસૂડાનાં એ રંગના બે બુંદ પણ જો આપણા વસ્ત્રોને સ્પર્શે તો હરિ રસની હેલી અંતરમાં આપોઆપ ગુંજતી રહે. એટલા મહિમાશાળી ફૂલદોલોત્સવનાં એ રંગો છે !!

માત્ર આવીને રસબસ થવાનો પુરુષ પ્રયત્ન આપણે કરવાનો, શ્રીપુરના અને સમગ્ર ભરતખંડના મહારાજા એવા શ્રી નરનારાયણદેવ તો સસ્મિત આવકારવા હરહંમેશ ઊભા જ છે !

શું ધર્મવંશી આચાર્ય પદની અવજ્ઞાથી અક્ષરધામની પ્રાપ્તિ થઈ શકે ?

- જ્યંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

આટલી મોટી પદવી સ્વયં શ્રીહરિએ આપી હોવા છતાં આ આચાર્યો મુમુક્ષોને પોતામાં નહિ જોડતા, શ્રીહરિમાં જોડે છે. તેઓએ ક્યારેય પોતનું ધ્યાન-ભજન કરવા કે માળા-મૂર્તિ પૂજામાં પૂજવા આપ્યા નથી. તેમજ પોતાની લીલા-ચેષ્ટાનાં ગાવણાં કરાવતા નથી. ફક્ત મહારાજમાં જોડી કલ્યાણ કરવાનું તાન છે. પોતાનામાં જોડી કલ્યાણના માર્ગમાંથી પાડી નખાવે તે તો દુષ્ટબુદ્ધિ વાળા છે. આપણા આચાર્યશ્રી સંપ્રદાયનાં ગુરુ છે. ધણી છે. શ્રીહરિને સ્થાને છે, શ્રીજીના અપર સ્વરૂપ છે. ગુરુમંત્ર મૂર્તિ પ્રતિષ્ઠા મુમુક્ષુજનોને દીક્ષા, સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી વિગેરે દ્વારા મુમુક્ષોને અક્ષરધામમાં ગતિ કરાવે છે. ઉપરોક્ત સઘળા અધિકારો માત્ર ધર્મવંશી આચાર્યોને સ્વયં શ્રીહરિએ "શિક્ષાપત્રી"માં લેખિત કરીને બક્ષેલા છે. આવા ભગીરથ કાર્ય માટે વ્યક્તિ પણ સુયોગ્ય અને મહાન હોવી જોઈએ. તેથી શ્રીહરિ કહે છે કે,

"કાંજે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઉંડુ મૂળ રે,
જેવું અમારુ કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે."

અખિલ બ્રહ્માંડનાં અધિપતિ શ્રીહરિ અનંતકોટી બ્રહ્માંડનાં જીવ ઈશ્વરને જેમ હથેળીમાં જળના ટીપાની જેમ નિહાળી શકે છે. તેમનાં માટે આચાર્યપદ માટે કોણ યોગ્ય છે. તે નિહાળવું ને નક્કી કરવું તે શું મુશ્કેલ છે ? વળી ભ્રકુટીનાં એક વિલાસમાં અનંતકોટી બ્રહ્માંડોનો નાશ કરી શકે તેવા શ્રીહરિ માટે શું મુશ્કેલ હોઈ શકે ?આમ છતાં પણ સ્વયં રચેલી શિક્ષાપત્રી શ્લોક ૬૬ મુજબ "જે મનુષ્ય જેવા ગુણે યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે પ્રેરવો" તે રીતને પોતે અપનાવી આવા ભગીરથ કાર્ય માટે ધર્મવંશી આચાર્ય જ યોગ્ય હોવાથી સંપ્રદાયનાં તમામ આશ્રિતજનોનાં ગુરુપદે સ્થાપન કરેલ છે. સ્થૂળ બુધ્ધિ વાળો પણ શિક્ષાપત્રીમાં કરેલ આદેશ મુજબ જ વર્તીને પોતાનું કલ્યાણ સાધી શકે તેવું સરળ છે. જેમ કે શિક્ષાપત્રી શ્લોક ૬૨ માં સ્પષ્ટ કહેલ છે કે "જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તેજ સ્વરૂપને સેવવું અને તે વિનાં બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી." આનો સીધો અર્થ થાય છે કે ધર્મવંશનાં આચાર્યે સ્થાપેલ/પ્રતિષ્ઠા કરેલ મૂર્તિમાં જ શ્રીહરિનો વાસ છે. હવે જે મૂર્તિ આચાર્ય મહારાજશ્રીએ પ્રતિષ્ઠા ન કરી હોય તેવી મૂર્તિ સમક્ષ વસ્ત્ર, અલંકાર કે ભોજન થાળ ધરવામાં આવે તો તે પ્રસાદીરૂપ અને નિર્ગુણ થતા નથી. હવે આવા નિર્ગુણ થયા વગરનાં થાળને જમવામાં આવે તો તે ન ધરાવ્યા બરાબર છે અને માસ ભક્ષણ તુલ્ય બને છે. માસ ભક્ષણ તુલ્ય હોવાથી પંચવર્તમાન પણ લોપાય છે. માટે સુજ્ઞ ભક્તોએ તો ધર્મવંશના આચાર્યે પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિને જ સેવવું અને થાળ ધરવો, શ્રીહરિ તે મૂર્તિમાં રહીને થાળ જમે છે માટે તે થાળ નિર્ગુણ થાય છે. શિક્ષાપત્રી શ્લોક ૧૨૮ માં સર્વ આશ્રિત સત્સંગીનાં ધર્મની રક્ષા કાજે અને એ સર્વેના ગુરુપદે બિરાજતા આચાર્ય તેમણે મુમુક્ષુ જનને દીક્ષા આપવાનો અધિકાર શ્રીહરિએ બક્ષેલ છે. માટે ધર્મવંશી આચાર્ય સિવાય અન્ય કોઈ દીક્ષા આપવા લાયક નથી.

આપણે આપણાં કલ્યાણનો જો થોડોક વિચાર કરીએ તો માલુમ પડશે કે જો સંપ્રદાયમાં શ્રીજી મહારાજે આશ્રિત જનોનાં ગુરુપદે આચાર્યપદની સ્થાપના ન કરી હોત તો મૂર્તિ પ્રતિષ્ઠા કોણ કરે ? મંત્ર દીક્ષા કોણ આપત ? દીક્ષા વિનાના ધર્મ ભાગવત ધર્મ ગણાતાં નથી. જો આચાર્યપદ જ ન હોત તો આચાર્ય પત્ની (ગાદીવાળા) વિના સમગ્ર આશ્રિત સ્ત્રી જાતિનાં કલ્યાણ અર્થે ગુરુમંત્ર કોણ આપત ? જો મૂર્તિ પ્રતિષ્ઠા શ્રીજી મહારાજે નક્કી કરેલ આચાર્ય મહારાજશ્રીનાં હાથે ન થયેલ હોત તો ધ્યાન-ભજન ભક્તિ કોના કરેત ? અને કલ્યાણની ખાત્રી પણ કોણ આપી શકે ? પણ કરૂણાનાં સાગર શ્રીહરિએ મુમુક્ષુ જીવોનાં આત્યાંતિક કલ્યાણ કરવા સારું આપણા ધર્મ-નિયમોને સુરક્ષિતપણે શ્રીજી આજ્ઞાનુસાર વર્તાવા માટે જ ધર્મવંશી આચાર્યપદનું સ્થાપન કર્યું છે. કલ્યાણના કોલની સવિશેષ ખાત્રી આપવા શ્રીહરિ સ્વયં કહે છે કે આચાર્યએ અમારું જ સ્વરુપ છે. તેથી શ્રીહરિનાં દર્શન-પૂજન વગેરેથી જે ધર્મ લાભ પ્રાપ્ત થાય છે તે જ ધર્મલાભ ધર્મવંશી આચાર્યશ્રીનાં દર્શન પૂજનથી મળે છે. માટે પોતાનું આત્યાંતિક કલ્યાણ સાધી લેવા દરેક મુમુક્ષુ જીવોએ શ્રીજી મહારાજે સ્થાપેલ આચાર્યશ્રીનું શરણું સ્વીકારવું તે જ મનુષ્ય જન્મનું સુફળપણું છે.

આદિ આચાર્ય
પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની મહત્તા



- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને જેઓને ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા સંભાળવા માટે પોતાની જગ્યાએ આચાર્યશ્રી તરીકે નિયુક્ત કર્યા હોય, તેમના ગુણો, ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થી વગેરેનું માપ કોઈનાથી કાઢી શકાય નહિ. જે પોતાની જેવા હોય તેમને જ શ્રીહરિ પોતાની જગ્યાએ સત્સંગનો કાર્યભાર સોંપે ને ! શ્રી રામપ્રતાપભાઈને નંદરામ, અયોધ્યાપ્રસાદ અને ઠાકુરપ્રસાદ એમ ત્રણ પુત્રો હતા. જે પૈકી શ્રી અયોધ્યાપ્રસાદજી પર શ્રીજી મહારાજની દૃષ્ટિ ઠરતા તેમને પોતાના દત્તક પુત્ર તરીકે સ્વીકારીને શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના આચાર્યશ્રી તરીકે નિમણુંક કરી. એટલું જ નહિ. પરંતુ એક સમયે ગઢડામાં અક્ષર ઓરડીમાં આચાર્યશ્રીએ વ્યક્ત કરેલી મૂંઝવણના પ્રત્યુત્તરમાં શ્રીજી મહારાજે તેઓશ્રીને પોતાનું અમૂલ્ય વચન પણ આપેલું કે, **"તમારા પક્ષમાં હું છું તે હું તમારી સહાય કરીશ અને તમારો નરનારાયણનો દેશ ઘણો વૃદ્ધિ પામશે. તમે કોઈ પ્રકારની ચિંતા કરશો નહિ."** એમ કહીને શ્રીજી મહારાજ ઉભા થઈને આચાર્યશ્રીને બાથમાં લઈને મળ્યા અને ખબો થાબડીને ફરી બોલ્યા કે, **"જેના પક્ષમાં હું છું તેને કોઈ પ્રકારનું દુઃખ કે મૂંઝવણ નહિ આવવા દઉ. મારો દ્રઢ વિશ્વાસ રાખજો. હું સદા તમારી સમીપે રહીશ. તમારો બધો વ્યવહાર હું ચલાવીશ."** (સ.ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો ૩૪૩)

એક સમયે કોઈ ગામના એક બ્રાહ્મણ ભક્ત અમદાવાદ મંદિરે શ્રી નરનારાયણદેવના દર્શન કરવા આવ્યા. શ્રી નરનારાયણદેવના દર્શન કરીને મંદિરમાં એક સંત પાસે ગયા. સંતે કહ્યું કે પ.પૂ. મહારાજશ્રી બેઠકે બિરાજમાન છે. દર્શન કરી આવો. ત્યારે બ્રાહ્મણના મનમાં સંકલ્પ થયો કે હું બ્રાહ્મણ છું. આચાર્યશ્રી પણ બ્રાહ્મણ છે. વળી મારા ઈષ્ટદેવ તો શ્રી રામચન્દ્ર ભગવાન છે. તેથી મારે સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્યશ્રીનું દર્શન કરીને શું કામ છે ? આવો વિચાર કરી તેઓએ પ.પૂ. આચાર્યશ્રીનું દર્શન કરવાનું ટાળીને પોતાનો એ સંકલ્પ ગુપ્ત રાખ્યો. સંતને કહ્યો નહિ.

તે બ્રાહ્મણ રાત્રે પોતાના ઘેર આવીને સૂતા. રાત્રે સ્વપ્નમાં શ્રી રામચન્દ્ર ભગવાને દિવ્ય દર્શન આપીને કહ્યું, ભક્ત ! ચાલો મારી સાથે. આગળ શ્રી રામચન્દ્ર ભગવાન અને પાછળ તે બ્રાહ્મણ ભક્ત. રામચન્દ્ર ભગવાને અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવનું દર્શન કરાવીને પછી તે બ્રાહ્મણને પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની બેઠકે લઈ ગયા. બ્રાહ્મણ ભક્તને આચાર્યશ્રીનું દર્શન કરાવીને પછી શ્રી રામચન્દ્ર ભગવાન પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીમાં લીન થઈ ગયા. પ.પૂ. મહારાજશ્રી મંદમંદ હસીને તે બ્રાહ્મણને કહેવા લાગ્યા કે, **"તમે બ્રાહ્મણ અને અમે પણ બ્રાહ્મણ એ વાત ખરી. પરંતુ અમે તો સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના પુત્ર છીએ અને શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના આચાર્ય છીએ !"**

આવી રીતે શ્રીહરિએ પોતાનો પ્રતાપ શ્રી ધર્મવંશી આચાર્યશ્રીને વિષે સ્થાપન કર્યો છે. પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી જન્મ દ્વિશતાબ્દી એવમ્ ધર્મકુળ વંદના મહોત્સવમાં તન, મન તથા ધનથી સેવા કરી મહોત્સવનું પ્રત્યક્ષ દિવ્ય સુખ લેવા તા. ૧ થી ૩ જૂન - જેઠ સુદ-૯ થી ૧૧ ના સમયગાળાની આતુરતા પૂર્વક પ્રતિક્ષા કરીએ...

દિયર - ભાભીનું હેત

- ચંદ્રકાંતભાઈ પાઠક (ગાંધીનગર)

શ્રી રામચંદ્ર ભગવાને પોતાના ચરણોથી પવિત્ર કરેલ અયોધ્યામાં ઘનશ્યામજી દરરોજ ઘણું ફરતા. પ્રભાવી વ્યક્તિત્વ હોવાથી, અપરિચિત હોય એવા લોકો પણ તેમને બોલાવતા. પરંતુ પોતે ઓળખાણ રાખતા નહિ. વિવેક પુરતી વાત કરતા વડીલ વર્ગને પગે લાગતા. જેનામાં શૂરવીરપણું અને ત્યાગની ભાવના જોતા તેવી વ્યક્તિ સાથે સબંધ રાખતા. પોતાની રુચિ સાથે જેમની રુચિ મળતી હોય એવા માત્ર બે જણા એમને મળ્યા એક હતા ભુવાનદીન નામના બ્રહ્મદેવ. બીજા હતા દીનાસંગ ક્ષત્રિય. બંને શુરવીર અને પરોપકારી હતા. સ્વાર્થ જેવી ભાવના એમના અંતરમાં કદિ હતી નહિ. તેમની સાથે ઘનશ્યામજીને ઘણી મિત્રાચારી થઈ.

એક દિવસ સુવાસિનીબા બેઠા બેઠા શાક સમારતા હતા. ત્યારે ઘનશ્યામજીએ ભાભીને કહ્યું, ભાભી તમને એક વાત કહું તે સાંભળો. બોલો ભાઈ શું વાતછે? ભાભીએ કહ્યું. ઘનશ્યામજી ખુશી થતા થતા બોલ્યા, રાયગંજ બજાર છે ને ત્યાં એક અખાડો શરૂ થયો છે. બે ભાઈઓ પોતાના જ ઘરમાં અખાડો ચલાવેછે. એક ભાઈનું નામ ભુવાનદીન છે તે બ્રાહ્મણ છે બીજા ભાઈનું નામ દિનાસંગ છે તે ક્ષત્રિય છે. બંને મલ્લ વિદ્યા જાણે છે અને બીજાને શિખવાડે છે. બેય ભાઈ બહું હોંશિયાર છે હોં ભાભી! વાતચિત વિનયથી કરે છે. મેં ત્યાં જઈને કહ્યું કે મને મલ્લવિદ્યા શિખવાડશો? તો કહે ભાઈ, મલ્લ વિદ્યા શિખવા માટે તમે નાના છો. શાળાએ ભણવા જાઓ છો કે નહિ? ક્યાં રહો છો? કોના દીકરા છો? એવું બધું પૂછ્યું, પછી મેં પિતાનું નામ આપ્યું. હરિપ્રસાદ પાંડે મારા પિતા છે. મોટા ભાઈનું પણ નામ આપ્યું. અને કહ્યું કે અમે બરહટ્ટામાં રહીએછીએ. પિતાનું નામ સાંભળી તે રાજી થયા મને કહે તમે તો પ્રતિષ્ઠિત કુટુંબના બ્રહ્મકુમાર છો. તમને મલ્લ કુસ્તી શિખવાડશું પણ ઘેર પૂછીને આવજો. મારી પાછળ હાથ ફેરવી હેત કર્યું મને એમની સાથે વાત કરવાનું બહુ ગમ્યું. તો ભાભી, મલ્લ વિદ્યા શિખવા જાઉ?

સુવાસિની બાએ ઘનશામજીને પોતાની નજીક ખેંચી ગાલ ઉપર ચૂંબન કર્યું. માથે પ્રેમથી હાર ફેરવ્યો અને બોલ્યા, ભલે મારા વીરા! જાજો ખુશીથી જાજો પણ તમારા નાજુક શરીરનું ધ્યાન રાખજો. કાલથી જ જવાનાને? તો કાલે તમારે મલ્લ શાળાએ જવાનો પ્રથમ દિવસ હશે તો બોલો તમારે માટે જમવાનું બનાવું? ભાભીની વાત સાંભળ્યા વિના ઘનશ્યામજીએ એક શંકા વ્યક્ત કરતા કહ્યું, પણ ભાભી હું જાઉ તે મોટા ભાઈને ગમશે? ના નહિ પાડે ને? ભાભી બોલ્યા. ના ભાઈ, તમારા ભાઈ, કદી ના નહિ પાડે એતો તમારા ઉપર બહુ જ પ્રેમ રાખે છે. પછી ઘનશામજીએ આગળ કહ્યું મારે કાલે વહેલી સવારે જવાનું. સાથે દૂધનો લોટો અને પલાળેલી ચણાની દાળ પાશેર જેટલી લઈ જવાની, કસરત-કુસ્તી કર્યા પછી પ્રથમ ચણાની દાળ ખાઈ જવાની ત્યારબાદ દૂધ પીવાનું. તો ભાભી તમે દરરોજ એટલું તૈયાર કરી આપશો? ભાભી કહે છે, હા, મારા વહાલા દિયર! તમે જે કહેશો તે બધું જ હું તૈયાર કરી આપીશ. તમે કોઈ ચિંતા ન કરો. તમારે જવાનો સમય થાય તે પહેલા બધી વસ્તુ હાજર હશે. તમારે મારી પાસે કોઈ સંકોચ ન રાખવો. સંકોચ રાખો તો મારા સમ છે તમને. એમ કહેતા ભાભી ઉભા થયા ત્યારે ઘનશ્યામજી તેમને હેતથી વળગી પડ્યા. ભાભીએ પણ ઘનશામજી ઉપર ખૂબ વહાલ વરસાવ્યું. અને ભાભી! રામ રજ એટલે શું? રામ રજ એટલે ભસ્મ એને માટીની રજ પણ કહે છે. એ કેમ પૂછ્યું? કસરતના દાવ શરૂ કરતાં પહેલાં મારે શરીરે રામરજનો હાથ લગાવવાનો. ઘનશ્યામે કહ્યું.

આમ શ્રીહરિ મલ્લ વિદ્યા ભણવા લાગ્યા. નિત્ય વહેલી સવારે પલાળેલી ચણાની દાળ અને દૂધ લઈ અખાડે જાય. પ્રથમ શરીરે રામ રજ હાથ લગાવે. પછી કસરત શરૂ થાય. સવારે દંડ કરતા લાકડીના દાવ શિખતા ચક્ર દંડ કરતા. ઉલટી સુલટી ગુલાંટ લગાવતા. આવી અનેક કસરતો કરતા. ત્યારબાદ પ્રથમ ચણાની દાળ ખાતા અને દૂધ પીતા. જેટલા મલ્લવિદ્યાના દાવ-પેચ હતા તે બધા દિના સંગે અને ભૂવાનદીને શ્રીહરિને સરસ રીતે શિખવાડ્યા. અગિયાર વર્ષની ઉંમરે માત્ર ચાર મહિનામાં બધી મલ્લવિદ્યા શિખી ગયા. ભૂવાનદીન અને દિનાસંગ રાજાના કહેવાથી અયોધ્યાનું રખવાળુ પણ કરતા. બધા પ્રજાજનો સાથે પ્રેમથી વર્તતા. તેથી ઘણા લોકપ્રિય બન્યા હતા. સૌ તેમના પ્રત્યે સન્માનથી જોતા. બંને ભાઈઓ ઘનશામજી પર અપાર સ્નેહ રાખતા. ઘનશામજી પણ મિત્રોને મળવા અવાર-નવાર અખાડા પર આવતા.

(ક્રમશઃ)

પ્રભુનું બળ એટલે શરણાગતિ

-શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી
ગુરુ શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી
(નાના પી.પી. સ્વામી) (નારાયણઘાટ)

જગતમાં કમજોર માણસના કષ્ટનો કોઈ પાર નથી. નાની-નાની વાતોનો બોજો તેની કમર તોડી નાખે છે. વિવિધ પ્રકારની જવાબદારીઓનો ભાર વહન કરવો હોય તો માણસે સમર્થ બનવું જોઈએ. શક્તિસંપન્ન માણસ માટે ગમે એવું ભારે કામ પણ આસાન બની જાય છે. ખડતલ તન, મક્કમ મન અને નિશ્ચયાત્મિકા બુદ્ધિ એ સમર્થ માણસનો શણગાર છે. સામર્થ્ય પ્રાપ્તિ કરવાની ચાવી કઈ ? હનુમાનજી સમર્થ હતા એનું રહસ્ય સમજાવતાં સંત તુલસીદાસ લખે છે,

"रामदूत अतुलित बलधामा।।"

મારૂતિનું બળ અતુલનીય હતું. કારણ કે તે રામના દૂત હતા. ઈશ્વરની શરણાગતિ માણસને અનુપમ સામર્થ્ય બક્ષે છે. શરણાગતિ વ્યક્તિના જીવનનું ઘરેણું છે. સર્વભાર પ્રભુના શ્રી ચરણની અંદર સમર્પિત કરી દેવો. જેથી માણસ ચિંતા મુક્ત અને ભાર રહિત થઈ જાય. કવિએ યોગ્ય જ કહ્યું છે કે,

"ભાર જેણે દઈ દીધો પોતાનો ભગવાનને,
વહી તે તો શકે ભાર બીજાનો સહેલાઈથી."

શરણાગતિનું બીજું નામ છે આશરો. જે વ્યક્તિ પ્રભુને શરણે આવે તેનાં સંચિત પ્રારબ્ધ અને ક્રિયમાણ આ ત્રણેય પ્રકારનાં કર્મો નાશ પામે છે ? વડતાલના પાંચમાં વચનામૃતમાં નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે જે, હે મહારાજ ભગવાનને શરણે (આશરે) જવું તે આશરાનું શું રૂપ છે ? પછી શ્રીજી મહારાજ બોલ્યા જે "ભગવાને ગીતામાં કહ્યું છે જે :-

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।

એ શ્લોકમાં એમ કહ્યું છે જે 'બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણે આવ, તો હું તારા સર્વ પાપ થકી મુકાવીશ. તું શોક ન કરીશ. અને એવો જે ભગવાનનો દ્રઢ આશ્રય જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયી ન જાણે, તે પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુ નો શરણાગત જીવ કહેવાય. આશરો ત્રણ પ્રકારે કરીને કરાય છે તે જોઈએ. પ્રથમના ૩૩ માં વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે. હે મહારાજ ! ભગવાનને પ્રસન્ન કરવાના સાધનો અનંત પ્રકારના શાસ્ત્રોમાં કહ્યાં છે પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય એવો ઉપાય કહો. ત્યારે ભગવાને કહ્યું જે ભગવાનનો દ્રઢ આશરો એજ એક સર્વે સાધનમાં મોટું સાધન છે. તેણે કરી ભગવાન રાજી થાય છે પણ તેમાં કાંઈ પોલ રહે નહિ. તે આશરામાં ત્રણ ભેદ છે. (૧) મૂઢપણે એટલે કે વિશ્વાસથી ભગવાનનો આશ્રય થાય છે. પછી બ્રહ્મા જેવા આશ્રયમાંથી ડોલાવે તોય પણ ડોલે નહિ. એવો આશરો પ્રહલાદજીને હતો કે તેમના પિતા હરિણ્યકશિપુએ તેમની ખૂબ પરીક્ષા કરી, કષ્ટો આપ્યાં છતાં પણ પ્રહલાદજી એ ભગવાનનું નામ ન છોડ્યું અને તેમનો દ્રઢ આશરો કરી રાખ્યો. તો પ્રહલાદજીની રક્ષા માટે ભગવાન નૃસિંહનું રૂપ લઈ થાંભલામાંથી પ્રગટ થઈ તેમના પિતા એવા હરિણ્યકશિપુનો વધ કર્યો. બીજો પ્રકાર છે. પ્રીતિ એ કરીને ભગવાનનો દૃઢ આશરો થાય છે, તે જેને દૃઢ પ્રીતિ હોય તે પરમેશ્વરને મુકીને બીજા પદાર્થમાં જોરાવરી પ્રીતિ કરે તોય પણ થતી નથી અને આવો આશરો ગોપીઓનો હતો કે જે કૃષ્ણને જ પોતાનું જીવન માનતી અને તન ઘરમાં હોય પણ મન તો કૃષ્ણની અંદર જ હોય, ઘણી પરીક્ષા કરવા છતાં પણ ગોપીઓ લેશ માત્ર પણ ડગી નહીં. કારણ કે ગોપીઓને આશરો હતો પણ તે પ્રીતિએ કરીને હતો માટે. અને ત્રીજો પ્રકાર સમજણથી કે જે જીવ પોતાની વિશાળ બુદ્ધિ વડે ભગવાનને સગુણ અને નિર્ગુણ સમજતો હોય, પૃથ્વી ને વિષે પ્રભુના જે જે અવતાર થયા તેની રીતેને સમજતો હોય તેને બુદ્ધિએ કરીને (સમજણે કરીને) ભગવાનનો દૃઢ આશરો છે તે બીજાના ટાળ્યે

અનુસંધાન પેઈ નં. ૨૧ ઉપર

મૂર્તિ-પ્રતિષ્ઠા એવમ્ શહેર ચોર્યાશી મહોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા અમદાવાદ (તા. ૨૫-૨-૦૯ થી તા. ૧-૩-૦૯)

- પરેશ તથા ગૌરાંગભાઈ પટેલ (નરનારાયણદેવ યુવક મંડળ, કાંકરિયા)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ અનેક મુમુક્ષોના કલ્યાણ માટે તથા ધર્મનો સંદેશ જગતના જીવને પહોંચાડવા વિશ્વમાં સૌ પ્રથમવાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રીનગર (અમદાવાદ)માં નિર્માણ કરી સંવત ૧૮૭૮ ને ફાગણ સુદ ત્રીજના દિવસે શ્રી નરનારાયણદેવની સ્થાપના કરી. ત્યારબાદ પવિત્ર કાંકરિયા સરોવરની ભૂમિ ઉપર હજારો ભૂદેવોને મનગમતાં મિષ્ટાનો જમાડીને તૃપ્ત કર્યા. અને એક ઝાડ નીચે બેસીને શ્રીજી મહારાજે ભૂદેવોને દક્ષિણા આપી. તે જગ્યા ઉપર આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદની સાથે શ્રી બાલસ્વરૂપ કષ્ટભંજનદેવની સ્થાપના કરેલ.

આ પવિત્ર સ્થાનને જીવંત બનાવવા પ.પૂ.ધ.ધુ. મોટા આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આજથી ૨૭ વર્ષ પહેલા સંતોની પાસે આરસીસીનું મંદિર નિર્માણ કરાવી શ્રી રાધા-કૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની સ્થાપના કરેલ.

"જગતમાં મંદિર એ માણસની આસ્થા કેન્દ્ર છે." માણસને ધર્મના સંસ્કારોની પુષ્ટિ મંદિરથી મળે છે. મનની શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ મંદિરમાં ભગવાનના દર્શન પૂજન-અર્ચન તથા સેવા વડે થાય છે. આ હેતુથી અને શહેર ચોર્યાસીને જીવંત બનાવવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ.ગુ. મહંત શા.સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. મહંત શા.સ્વામી આનંદપ્રસાદદાસજીને શહેર ચોર્યાશી કરવા તથા નિજ મંદિર શિલ્પ સ્થાપત્યની કલાકારીગરીવાળું સુંદર પથ્થરનું નિર્માણ માટે શુભ આશીર્વાદાત્મક આજ્ઞા આપેલ. મંદિર નિર્માણનું કાર્ય શરૂ થયું. જેનું સૌ પ્રથમ સંવત ૨૦૬૨ તા. ૪-૩-૦૬ ને શનિવારના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વિધિ ધામધૂમથી સંપન્ન થઈ.

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અનિ. સ.ગુ. શા.સ્વામી હરિગોવિંદદાસજી તથા સ.ગુ. શા.સ્વામી માધવપ્રસાદદાસજી ની પ્રેરણાથી કાંકરિયા તેમજ સર્વ સત્સંગી હરિભક્તોના તન, મન, ધનના સાથ સહકારથી નૂતન મહામંદિરનું નિર્માણ કાર્ય થતાં વિ.સ. ૨૦૬૫ ને તા. ૨૫-૨-૦૯ બુધવારથી તા. ૧-૩-૦૯ રવિવારને ફાગણ સુદ- પાંચમના શુભ દિને શિલ્પ શાસ્ત્રાનુંસાર નિર્મિત ભવ્ય મંદિરમાં બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ, સુખ શૈયામાં સર્વોપરિ સ્વરૂપ તથા વિઘ્ન વિનાયક દેવ, શ્રી હનુમાનજી મહારાજ, એવમ્ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ, બાલ સ્વરૂપ શ્રી કષ્ટભંજનદેવનો વાર્ષિક પાટોત્સવ તેમજ ભવ્ય શહેર ચોર્યાશી મહોત્સવ, નૂતન મંદિરનું ઉદ્ઘાટન વેદોક્ત વિધિ અનુસાર પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થયુ.

આ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૨-૨-૦૯ના રોજ સર્વ રોગ નિદાન કેમ્પના આયોજનમાં ડૉ. રમેશભાઈ પરીખ અને અન્ય સેવાભાવી ડૉકટરોએ ફ્રી માં ચેકઅપ નિદાન વગેરે કર્યું હતું. જેનો હજારો લોકોએ લાભ લીધેલ.

કાંકરિયા મંદિરના સ.ગુ.મહંત શા. સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. મહંત શા. સ્વામી આનંદપ્રસાદદાસજીના નેતૃત્વ નીચે મહોત્સવનો પ્રારભ મહાવદી પાંચમ તા. ૧૪-૨-૦૯ના દિને નૂતન મંદિરના પટાંગણમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વિજય સ્તંભ સ્થાપન વિધિ સમગ્ર શહેરના હરિભક્તો તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના વિશાળ સભ્યોની હાજરીમાં સંપન્ન થઈ. આ મહોત્સવના ઉપલક્ષમાં બાલ સ્વરૂપ શ્રી કષ્ટભંજનદેવનો મહા અભિષેક કરવામાં આવ્યો હતો.


નવ્ય ભવ્ય ત્રણ શિખરનું મંદિરનું નિર્માણ કાર્ય

કરવામાં ૬૦ હજાર ઘન ફૂટના પથ્થર પથરાવીને નકશીકામ કરાવીને ૨ કરોડ રૂપિયાના ખર્ચે મંદિરનું નિર્માણ થયેલ છે. તેમાં બંસી પહાડપુર તથા આરસના જેવા આબેહૂબ પથ્થરથી શિલ્પ શાસ્ત્ર અનુસાર ત્રણ શિખરનું ભવ્ય મંદિરનું બાંધકામ પૂર્ણ થવાથી મંદિરના શિખર ઉપરના આંબલસારા તથા કળશ ધ્વજદંડ સુવર્ણથી સુશોભીત છે. અને ઠાકોરજીના દરવાજા તથા સિંહાસન સુવર્ણથી સુશોભીત છે. આ મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં મંડળના સંતો સ.ગુ. મહંત શા.સ્વામી આનંદપ્રસાદદાસજી, સ.ગુ. પૂ. સ્વામી દેવકૃષ્ણદાસજી, શા.સ્વામી યજ્ઞપ્રકાશદાસજી તથા પાર્ષદ નરોત્તમ ભગત વિગેરે સંતોએ મંદિર કેમ જલ્દી પૂર્ણ થાય એવા શુભ સંકલ્પથી સખત મહેનત કરી અને જોત જોતામાં મંદિર રંગ રોગાન સાથે અને સુવર્ણ તથા ચાંદીના દ્વાર અને રોશની સાથે સુંદર શોભવા લાગ્યું. મંદિરમાં ૨૬૪ કમાનો, વિવિધ નકશી. તેમજ દિવ્ય પ્રવેશ દ્વાર કરવામાં આવ્યા. હરિભક્તોના આનંદમાં અનેરો ઉત્સાહ વધવા લાગ્યો. અને ભગવાન શ્રી સ્વામિનારાયણે નક્કી કરેલ દિવસ એટલે, મહાવદ અમાસ તા. ૨૫-૨-૦૯ ના શુભ દિને સૂર્યનારાયણ પ્રગટ થતા જ દિવ્ય શરણાઈ વાદનના સંગીતના સુરો ગુંજી ઉઠ્યા. ભક્તોના મહેરામણો હિલોળે ચડવા લાગ્યા. અને ઉતારા વિભાગ, સ્વયં સેવક કાર્યાલય, મધ્સ્થ કાર્યાલય, પૂછ-પરછ કાર્યાલય, સભામંડપ, સ્ટેજ, મેડિકલ, દાનભેટ, સાહિત્ય કેન્દ્ર, રસોડા વિભાગ જેવા કાર્યાલયોમાં કુલ ૮૦૦ સ્વયં સેવકોની ટીમોની સેવાથી સ્થિતબધ્ધ ફરજથી પ્રારંભ થયો.

તા. ૨૫-૨-૦૯ને બુધવારના સુપ્રભાતે હરિભક્તો ચા-પાણી નાસ્તો કરી, પૂજ્ય સંતો મહંતો તથા સર્વે નગરજનો સવારે ૭-૦૦ કલાકે પારાયણના યજમાન પ.ભ. શેઠશ્રી હરિકિશનભાઈ પિતાંબરદાસ ઠક્કરના નિવાસ સ્થાન મણીનગરથી નીકળેલી પોથીયાત્રા જાણે ઘનશ્યામ મહારાજને પધરાવવા માટેનું આમંત્રણ આપવા નીકળ્યા હોય તેમ મેદનીથી સમગ્ર કાંકરિયા વિસ્તાર અંજાઈ ગયું. પોથીયાત્રામાં બે બગી, બેન્ડવાજા વાળા અને ભજન મંડળી તથા પારાયણના વક્તા સ.ગુ. શા.સ્વામી નિર્ગુણદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પી.પી. સ્વામી અને સંહિતા પાઠી સંતો જોડાયા હતા. પોથીયાત્રા કાંકરિયા ફુટબોલ ગ્રાઉન્ડ પહોંચી ત્યારે કાંકરિયા ખાતે હજારોની સંખ્યામાં માનવમહેરામણના દિવ્ય દર્શન થતા હતા.

કાંકરિયા ફુટબોલ ગ્રાઉન્ડના વિશાળ મેદાનમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ૫૦૦ X ૧૦૦ ફૂટનો દિવ્ય વિશાળ સભામંડપ કે જેમાં એક પણ થાંભલો નહિ. આ વિશાળ ડોમમાં શ્રીજી મહારાજે કાંકરિયા તળાવે શહેર ચોર્યાશી કરેલ તે તળાવની અલૌકિક ઝાંખી સાથેનું ૧૦૦ X ૪૦ ફૂટનું સ્ટેજ બદ્રિનારાયણ મંદિરના મહંત શા. સ્વામી ગોલોકવિહારીદાસજી તથા સુપ્રસિધ્ધઆર્ટિસ્ટશ્રી પ્રફુલ ખરસાણીના માર્ગદર્શનથી તૈયાર કરવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે કથાના શુભ પ્રારંભ પ્રસંગે સમગ્ર સંપ્રદાયના પ્રાણ સમા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા જેમના સંકલ્પથી આ મંદિર નિર્માણ થયેલ તેવા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સભા મંડપમાં પધારતાજ શ્રી નરનારાયણદેવના જયઘોષ સાથે વાતાવરણ દિવ્ય બની ગયું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રીની સાથે ભૂજ, અમદાવાદ, જેતલપુર મંદિરના મહંત સ્વામીએ દિપ પ્રગટાવી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો શુભ પ્રારંભ કરાવ્યો હતો. અને શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણના વક્તા સ.ગુ. શા.સ્વામી નિર્ગુણદાસજી તથા સ.ગુ. શા.સ્વામી પી.પી. સ્વામી વ્યાસાસન પર બિરાજમાન થયા ત્યારે પારાયણ અને મહોત્સવના યજમાન દ્વારા પૂજન વિધિ સંપન્ન કરવામાં આવી. ૫૧ સંહિતા પાઠી પૂજ્ય સંતોના દિવ્ય દર્શન થતા હતા. પ્રથમ દિને વિશિષ્ટ મહાનુભાવો તથા સામાજીક અગ્રણીયોના સન્માન થયા. અને મંદિરની યાદ રૂપે પ્રતિકૃતિ ભેટ આપવામાં આવી. ભૂજ મંદિરના મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે કાંકરિયા તળાવે શ્રીજી મહારાજે શહેર ચોર્યાશી કરેલ તેની ઝાંખી ઘણા વર્ષો પછી આપણને થઈ રહી છે. આ પવિત્ર ભૂમિ ઉપર બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ



બિરાજવાના છે. તે તમામ ભક્તોના મનોરથો પૂર્ણ કરશે. એવા રૂડા આશીર્વાદ આપેલા. વિશાળ સભામંડપ, પ્રથમ દિવસે જ સંપૂર્ણ ભરાઈ ગયો હતો. આ મહોત્સવમાં ગઢપુર મંદિરના ચેરમેન એસ.પી. સ્વામી, સંતો સાથે પધાર્યા હતા. અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં દિનેશ વધાસીયા તથા ટી.વી. કલાકાર દેવાંગ પટેલે ભજન કીર્તન તથા હાસ્ય રસ પીરસ્યો હતો. અને લોકોનાં મન જીતી લીધા હતા.

તા. ૨૬-૨-૦૯ને ગુરુવારની સુપ્રભાતે મંદિરમાં ઠાકોરજીના સાનિધ્યમાં મહાપૂજાનું આયોજન થયું. જેમાં હજારો ભક્તોએ મહાપૂજાનો લાભ લીધો. મહાપૂજાની પૂર્ણાહુતિ જુનાગઢના વયોવૃદ્ધ સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજી તથા કાંકરિયા મંદિરના મહંત સ્વામીના શુભ વરદ્ હસ્તે થઈ. બહેનોના ગુરુ અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રી એ પધારીને બહેનોને દર્શન તથા આશીર્વચન આપી તૃપ્ત કર્યા હતા. મધ્યાહ્ન બાદની શ્રીમદ્ ભાગવત કથાના પ્રસંગમાં લીલા પુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માનો જન્મોત્સવ વિવિધ વેશભૂષા દ્વારા મંડળના સભ્યોએ ધામધૂમથી ઉજવ્યો. તથા ભગવાનના જન્મોત્સવની મહા આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે ગઢપુર મંદિરના કો.શા.સ્વામી ઘનશ્યામવલ્લભદાસજીએ પધારીને સભાને સંબોધી હતી. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ખ્યાતનામ ટી.વી. કલાકાર જીતુભાઈ દ્વારકાવાલા તથા દિનેશ વધાસીયાએ ગમ્મત અને હાસ્ય રસ પીરસી સભાજનોને આનંદિત કર્યા હતા.

તા. ૨૭-૨-૦૯ને શુક્રવારની સવારે ૮-૩૦ કલાકે શાસ્ત્રી શ્રી રાજેન્દ્રભાઈ શુકલ (ઉમરેઠવાળા) દ્વારા વેદોક્ત વિધિથી ભગવાનની મૂર્તિઓ પધરાવી મહાવિષ્ણુયાગની શુભ શરૂઆત યજમાનોની દેહશુદ્ધિ વિધિથી કરી હતી. સર્વે ભક્તોના ગુરુ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે મહાવિષ્ણુયાગનો પ્રારંભ થયો હતો. યજ્ઞશાળાનું માર્ગદર્શન બદ્રીનાથ મહંત સ્વામી ગોલોકવિહારીદાસજી તથા સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજીએ કર્યું હતું.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ સભામંડપમાં કથામાં બિરાજીને દાતાશ્રીઓનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે જુનાગઢ મંદિરના કો.સ.ગુ સ્વામી દેવનંદનદાસજી સાથે માંગરોળ, માણાવદર, વળીયા વગેરે મંદિરથી સંતો પધાર્યા હતા. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવાના વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમો કરીને ભક્તોને ભક્તિ રસમાં તરબોળ કર્યા હતા.

તા. ૨૮-૨-૦૯ને શનિવારની સવારે ૭-૩૦ કલાકે કાંકરિયા તળાવેથી યજ્ઞશાળા સુધી ભગવાનના અભિષેક માટેની કળશયાત્રા યોજવામાં આવી હતી. જેમાં હજારો બહેનોએ માથે તાંબાના કળશ લઈને કળશમાં પાવન જળ લઈ તેના ઉપર શ્રીફળ મુકી યજ્ઞ શાળાના પટાંગણમાં આવ્યા ત્યારે વાતાવરણ મંગળમય બની ગયું હતું. બપોરે ૩-૦૦ કલાકે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા મણીનગર વિસ્તારના રાજ માર્ગો પર નીકળી હતી. જે શોભાયાત્રામાં ચાર બેન્ડ વાળા, સત્સંગીઓની ધૂનના સંગીત સુરાવલીથી રસ્તાઓમાં પ્રાણ પુરી દીધા હતા. આ શોભાયાત્રામાં ૧૫ ટ્રેકટરો, બગીઓ, ટ્રકોને સુંદર શણગારવામાં આવી હતી. તેમાં ટ્રેકટર ઉપર શિક્ષાપત્રીના સૂત્રો, સર્વજીવ હિતાવહ ઉપદેશીય સૂત્રો, તથા યજમાનો, પૂજ્ય સંતો બિરાજમાન થયા હતા. શણગારેલા હાથી ઉપર મોટેરા સંતો, ભક્તો દર્શન આપી રહ્યાં હતા. શણગારેલા ઘોડા ઉપર નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો સ્વાર હતા. બીજા ટ્રેકટરોમાં ભગવાનની મૂર્તિઓ પધરાવવામાં આવી હતી તથા વિવિધ ભજન મંડળીઓ, મંજીરાના તાલે સમગ્ર વાતાવરણ પુલક્તિ કરી રહ્યા હતા. ભાઈઓના સમૂહ પછી વિશિષ્ટ રીતે હંસ આકારના રૂપે શણગારેલ ટ્રેકટરમાં સંપ્રદાયના ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પોતાની લાક્ષણિક મુદ્રામાં સૌને દર્શન આપી રહ્યાં હતાં. તેમના દર્શનથી સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાનના દર્શનની ઝાંખી થતી હતી. આ શોભાયાત્રાના દિવ્ય દર્શન કરવા આકાશમાંથી દેવો પણ વિમાન દ્વારા પુષ્પની એક કલાક સુધી વર્ષા કરી રહ્યા હતા. આ શોભાયાત્રામાં ૫૦,૦૦૦ સત્સંગીઓ અને ધર્મપ્રેમી લોકો જોડાયા હતા. અમદાવાદ શહેર મણીનગર વિસ્તારમાં સૌ પ્રથમ આવી શોભાયાત્રા જોઈને શહેરના લોકો પુલકિત થઈ ગયા હતા. જેમાં રસ્તાઓ પર ટોપો દ્વારા ફૂલ વર્ષા થતા ફટાકડાની રમઝટ બોલી હતી. શોભાયાત્રામાં લાખો રૂપિયાનું દારૂખાનું ફોડવામાં આવ્યું હતું. તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા શોભાયાત્રામાં સરબત તથા ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. શોભાયાત્રા નીકળ્યા બાદ સાંજે ૮-૦૦ કલાકે મંદિરમાં પરત ફરતા તમામ હરિભક્તો આનંદના હિલોળે ચડ્યા હતા. રાત્રે પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો ભક્તોએ પ્રસાદ લીધો હતો.તથા ધામોધામથી સંતોએ પધારીને શોભાયાત્રામાં બિરાજીને શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

તા. ૧-૩-૦૯ને રવિવાર વર્ષોની આતુરતાનો અંત

દેવ દર્શનનો મહિમા ભગવાનને પ્રત્યક્ષ બિરાજવાની ઘડી આવી અને સવારથી હરિભક્તોથી મંદિર ઉભરાઈ ગયું.

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સવારે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પુનિત પાવન પગલા મંદિરમાં થતાં ભગવાનના જયઘોષ સાથે શરણાઈના સુરોના સંગીત વાતાવરણમાં બંન્ને અપર સ્વરૂપો દ્વારા ભૂદેવોના મંગલ શ્લોકોના ધ્વનિની સાથે નિજ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો મહા અભિષેક, શ્રી બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર મહાઅભિષેક વેદવિધિસર ધામધૂમથી સંપન્ન થયો તથા શ્રી હનુમાનજી ગણપતીજી, સુવર્ણકળશ તથા ધ્વજદંડની પ્રતિષ્ઠા વિધિ વેદોક્ત વિધિથી સંપન્ન થઈ. દર્શનની સુંદર વ્યવસ્થાના આયોજનથી સર્વ ભક્તોને ભગવાનના સ્વરૂપ સાથે બંન્ને આચાર્ય મહારાજશ્રીના દિવ્ય દર્શન થતા હતા અને મંદિરમાં મુકેલ પ્લાઝા ટી.વી.થી પણ દર્શન થતા હતા. ત્યારબાદ બ઼ાલ સ્વરૂપ કષ્ટભંજનદેવનો મહા અભિષેક પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થયો. જેના દિવ્ય દર્શન હજારો ભક્તોએ કર્યા. ત્યારબાદ ૯-૩૦ કલાકે ઠાકોરજીની શણગાર તથા અન્નકૂટ આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારેલ. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે યજ્ઞ નારાયણ દેવની શ્રીફળ હોમી પૂર્ણાહુતિ કરવામાં આવી. શાસ્ત્રના સિદ્ધાંત મુજબ કોઈ પણ જીવાત્મા મંદિરની ધજાના દર્શન કરે તો પણ ફળની પ્રાપ્તિ થાય. માટે મંદિરના ત્રણે શિખરો ઉપર કળશ તથા અખંડ ધ્વજદંડ ધજાઓ ચડાવવામાં આવ્યા.

આ મહોત્સવ પ્રસંગે યોજવામાં આવેલ શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ જ્ઞાનયજ્ઞની છેલ્લા છત્રની પૂર્ણાહુતિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સંપન્ન થઈ. સાથે પારાયણના યજમાનશ્રીએ મહા લાભ લીધો. ત્યારબાદ તમામ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે અમદાવાદ અને જેતલપુર મંદિરના મહંત સ્વામી સાથે શા.સ્વામી નિર્ગુણદાસજી, શા.સ્વામી પી.પી.સ્વામી, અને દરેક સંતોએ સાથે મળીને કાંકરિયા મંદિરના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજી અને શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજીને સન્માનપત્ર આપી સન્માન્યા હતા. કાંકરિયા તથા દશગોળ સાબરમતી વિસ્તારના હરિભક્તો દ્વારા કાંકરિયા મંદિરના સંત મંડળને તાંબ્રપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બન્ને મહંતો તથા તેમના સંત મંડળને આશીર્વાદ આપી સન્માન્યા હતા. આ પ્રસંગે મુળીના વયોવૃદ્ધ સંત સ્વામી નરનારાયણદાસજી ખાસ હાજર રહ્યા હતા. અંતમાં આ મહોત્સવમાં પધારનાર કાલુપુર, જેતલપુર, ધોળકા, મૂળી, છપૈયા આદિ ધામોના મહંતશ્રીઓ અને મહાનુભાવ સંતોએ પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં જ્ઞાનોપદેશ આપતા જણાવ્યું કે, મંદિર એ ભક્તની આસ્થાનું કેન્દ્ર છે. જે આજે પૂર્ણ થયું. ભક્તોને આજના દિવસની રાહ જોવાની હતી. તે દિવસ પણ આવી ગયો. આજના દિવસે સ્વામિનારાયણ ભગવાને ચોર્યાશી મહોત્સવ કરી ભૂદેવોને ખોબે-ખોબે દાન આપેલ. તે જગ્યા ઉપર આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદની સાથે બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવની સ્થાપના કરેલ અને આજ દિને શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણમહારાજની પણ સ્થાપના થઈ. આજે સવારે બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થતા આજનો દિવસ અલૌકિક બની ગયો છે. છેલ્લે કાંકરિયા મંદિરના મહંત શા.સ્વામી ગુરુપ્રસાદદાસજી, શા.સ્વામી આનંદપ્રસાદદાસજી, પૂજારી સ્વામી દેવકૃષ્ણદાસજી તથા શા.સ્વામી યજ્ઞપ્રકાશદાસજીએ વડીલ સંતો ભક્તોનો ખૂબ-આભાર માન્યો હતો. આ મહોત્સવમાં અમદાવાદ, જેતલપુર, મુળી, ભુજ, નારણઘાટ, નારણપુરા, વડતાલ,ગઢપુર અને જૂનાગઢ વગેરે ધામોથી સંતો પધાર્યા હતા. આ સમગ્ર મહોત્સવમાં સ.ગુ. શા. પી.પી. સ્વામીના માર્ગદર્શનથી કાંકરિયા મંદિરના કો.શા.સ્વામી યજ્ઞપ્રકાશદાસજીએ સુંદર સભા સંચાલન કર્યું હતું.

આ મહોત્સવમાં મથુરા મંદિરના સ.ગુ. મહંત સ્વામી ભાનુપ્રસાદદાસજી, કારીયાણી મંદિરના કો. સ.ગુ. ભક્તિપ્રસાદદાસજી, સ.ગુ. શા. સ્વામી પ્રાણજીવનદાસજી સ.ગુ. કો. સ્વામી દેવ સ્વામી (માંગરોળ), સ.ગુ. જયવલ્લભ સ્વામી, સ.ગુ. મહંત કે.પી. સ્વામી (જેતલપુર), સ.ગુ. પુરાણી સ્વામી નારાયણચરણદાસજી તથા પાર્ષદ નરોત્તમ ભગત આદિ સંત મંડળે રસોડા એવમ્ સ્ટેજ વિભાગ તથા સંતોના ઉતારાની વિવિધ સેવા સંભાળી સમગ્ર મહોત્સવને દિપાવ્યો હતો.


કોકરવા મૂર્તિ પ્રતિષ્ઠા તથા શેહર ચોયાસી મહોત્સવ







બાળ સ્વરુપ કષ્ટભંજન દેવ અભિષેક - આરતી પ.પૂ.મહારાજશ્રી તથા લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે



શ્રી હરિના અપર સ્વરુપોના આશીર્વચન

પોથીયાત્રા

ઉદ્‌ઘાટન સમારોહ

પ.પૂ.મોટા મહારાજશ્રી, પ.પૂ.મહારાજશ્રી અને યજમાન દ્વારા વ્યાસપીઠનું પૂજન

કાંકરિયા મહોત્સવ પ્રસંગે મહાનુભાવ સંતો અને

બન્ને વક્તાશ્રીઓનો મુખે કથા શ્રવણ કરતા હરિભક્તો



ભૂજ મંદિરના મહંત સ્વામી કાંકરિયા
મંદિરના મહંત સ્વામી નું સન્માન કરતા



વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોક ભટ્ટનું
સન્માન કરતા કાંરકિયા મંદિરના મહંત સ્વામી



ગુજરાત પોલિસ મહાનિર્દેશક
શ્રી ખંડવાવાલાનું સન્માન








ભજન સંધ્યા અને અસારવા ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ



રાજકીય મહાનુભાવો પોતાની ભાવના વ્યક્ત કરતા









બન્ને વક્તાશ્રીઓનું સન્માન
પ.પૂ.મહારાજશ્રીના વરદ્ હસ્તે



મહાવિષ્ણુયાગ યજ્ઞની
પૂર્ણાહુતિ
પ.પૂ.મહારાજશ્રી તથા
પ.પૂ.લાલજી મહારાજશ્રીના
વરદ્ હસ્તે



ગુરુપ્રસાદ સ્વામી તથા આનંદ સ્વામીનું સન્માન
કાલુપુર મંદિર તથા સમસ્ત સંત સમાજ તરફથી
પ.પૂ.મહારાજશ્રીના વરદ્ હસ્તે




ગુરુપ્રસાદ સ્વામી તથા આનંદ સ્વામીનું સન્માન
કાંકરિયા સમસ્ત સત્સંગ સમાજ તરફથી
પ.પૂ.મહારાજશ્રીના વરદ્ હસ્તે



પ.પૂ.મહારાજશ્રીના વરદ્ હસ્તે યજમાન પરિવાર તથા
અગ્રણીય હરિભક્તોનું સન્માન

શોભાયાત્રા



હરિ ભજતા સહું મોટપ પામે

- શાસ્ત્રી અભયપ્રકાશદાસ ગુરુ સ્વામીદેવપ્રકાશદાસજી (મહંતશ્રી, નારાયણઘાટ)

આ જગતમાં દરેક મનુષ્ય એવું ઈચ્છતો હોય છે કે મને માન મળે, મોટપ મળે. મારી યશ અને કીર્તિ ફેલાય. જગતમાં મારું નામ રહે. અને આ બધાની માટે તે કાંઈક પ્રયત્ન જરૂર કરતો રહે છે. અને આ જગતમાં ઘણાની નામનાઓ છે. હતી. પરંતુ ઘણાની નામનાઓ મોટપ એ બળ અને બુદ્ધિએ કરીને હતી એવા કેટલાય ના કદાચ આપણે નામ પણ જાણતા નહિ હોઈએ. અને તેની સામે જેને ભગવાન ને રાજી કર્યા છે. ભગવાનને જેને ભજ્યા છે. તે સર્વ ભક્ત જનોને હજારો વર્ષ થવા છતાં આપણે સર્વ એમને યાદ કરીએ છીએ.

આપણા શાસ્ત્રોમાં જે નવપ્રકારની ભક્તિ કહી છે.

"श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पाद सेवनम् ।
अर्चनं वंदनं दास्य सख्यं मात्म निवेदनम् ॥"

આ નવ પ્રકારની ભક્તિમાંથી જેને જે રૂચી તે ભક્તિ કરી તો તે સર્વે મહાન પદવીને પામ્યા. ભગવાનની સાથે અનન્ય સ્નેહ તેને જ ભક્તિ કહે છે. એ ગોપીઓને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે અનન્ય પ્રેમ હતો તો ભાગવત જેવા મહાન શાસ્ત્રમાં સ્થાન મળ્યું. અને આજે હજારો વર્ષ થઈ ગયા છતાં આપણે સૌ એ ગોપીઓની ગાથાને ગાઈએ છીએ.

માટે મુક્તાનંદ સ્વામી પણ પોતાના કીર્તનમાં લખે છે કે,

હરિ ભજતાં સહું મોટપ પામે,
જન્મ મરણ દુઃખ જાયે રે.
પારસ પરસી લોહ કંચન થઈ,
મોંઘે મૂલે વેચાય રે..... હરિ ભજતા

સ્વામી એમ કહે છે કે ગમે તેવો મનુષ્ય હોય પણ જો તે ભગવાનનું ભજન કરે તો જરૂર મહાન પદવીને પામે છે. જેમ લોખંડના ટુકડાને પારસમણીનો સ્પર્શ થાય તો તો લોઢું લોઢું મટી અને સુવર્ણ થઈ અમૂલ્ય બની જાય છે. સ્વામી આગળ નારદજીનું દૃષ્ટાંત આપતા કહે છે કે,

મુનિ નારદની જાતને જોતા,
દાસી પુત્ર જગ જાણે રે,
હરિને ભજી હરિનું મન કેવાણો,
વેદ પુરાણ વખાણે રે....

નારદમુનિ પૂર્વ જન્મમાં દાસી પુત્ર હતા પરંતુ જો એમણે ભગવાનનું સાચા હૃદયથી ભજન કર્યું તો દાસી પુત્ર મટી બીજા જન્મે બ્રહ્માજીના પુત્ર નારદ મુનિ તરીકે થયા અને ભગવાનનું ભજન કરતા કરતા સ્વયં પરમાત્માનું મન કહેવાણા.

રાધાજીએ પણ ભગવાન શ્રીકૃષ્ણની સાથે અનન્ય પ્રેમ ભક્તિ કરી તો આજે આખું જગત, પ્રથમ રાધાજીનું નામ લઈ પછી ભગવાનનું નામ લઈ રાધાકૃષ્ણના નામથી સર્વ તેમને ભજે છે.

અર્જુને પણ ભગવાન સાથે સખા ભાવ રાખ્યો તો તે પણ આજે અમર થઈ ગયા. જેનું નામ ભગવાન સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીમાં [illegible] અર્જુને સહિત જ્યારે ભગવાન નારાયણ હોય તો નર અને નારાયણ એવે નામે જાણવા.

કહેવાનું કે આ સર્વની આટલી ઉચ્ચ સ્થિતિ થઈ હોય તો માત્રને માત્ર તે પૂર્ણ પુરુષોત્તમ ભગવાનની ભક્તિથીજ. તો આપણે સર્વે પણ એ ભગવાનને ભજી તેમના ચરણના દાસ થઈએ એજ અભ્યર્થના સહ અસ્તુ.

અનુસંધાન પેઈ નં. ૧૨ નું

ટળે નહિ અને પોતાનો પણ ટાળ્યો ટળે નહિ. માટે વ્હાલા ભક્તો ! આ ત્રણેયમાંથી એક અંગ દૃઢ કરી લેવું. માટે સંતો એ પણ કીર્તનમાં લખ્યું છે.

સુખ પામી રે સખી સુખ પામી,
હું તો શામળિયાના શરણે જાતા સુખ પામી .....
શરણાગતની પાળે સદા બહુનામી
મારે હરિનો ઉપર હાથ, કશી ન રહી ખામી, સુખ પામી.

મુક્તાનંદ સ્વામી લખે છે. શ્રીહરિના શરણ જતા હું તો સુખ પામી. કારણ કે પ્રભુ તો શરણાગતના સાર છે. અને તમારો હાથ મારા ઉપર હોય એથી મોટું મારૂં ક્યું ભાગ્ય હોય !

અંતમાં સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં પ્રાર્થના કરીએ કે હે હરિ ! તમારા સિવાય અમારે કોઈનું શરણું નથી. એટલા માટે કરુણા કરીને અમારી રક્ષા કરજો.

"अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम ।
तस्मात्कास्रुय भावेन रक्षमां पुस्त्रोत्तम ॥"

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

જ્યાં ભાવ ત્યાં ભગવાન

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું કે, મંદિરમાં આવીને ગ્રામ્યવાર્તા એટલે કે જગત-વ્યવહારની વાર્તા કરે તો ભગવાનનો અપરાધ થાય. શાક બનાવ્યું હોય, દાળ બનાવી હોય, કઢી બનાવી હોય એમાં મીઠું નંખાય. કાંઈ મોહનથાળમાં, જલેબીમાં, બુંદીમાં મીઠું નંખાય ? મૂળા સુધાર્યા હોય તો તેમાં મીઠું નંખાય, કેળામાં નંખાય ? જગત વ્યવહાર માટે આખું જગત અને પોતાનું ઘર છે જ અને ભજન-ભક્તિ માટે મંદિર છે. શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, "મંદિરમાં ક્યારેય ગ્રામ્યવાર્તા ન કરવી." પણ ઘરમાં જેને ભગવાન યાદ આવતા હોય એને તો એના ઘરનાં ઉંબરામાં પ્રવેશ કરે તો તેનું કલ્યાણ થઈ જાય. સ્વામિનારાયણ ભગવાનનું વચન છે કે - "અમારા સત્સંગીના ગોળાનું પાણી પીશે એનું પણ કલ્યાણ !" પણ એ ગોળો સવારમાં જ્યારે ભરાતો હોય ત્યારે એ ભરનાર જે હોય તે સ્વામિનારાયણ ..... સ્વામિનારાયણ ..... બોલતા હોય તો !!!

આપણા સત્સંગની એક ખૂબ જાણીતી ઘટના છે. ગ્રામ્ય વિસ્તારની કોઈ બહેન, ખેડૂત કુટુંબ, ખેડૂતોમાં એવો રિવાજ હોય, પુરુષ વર્ગ સવારમાં ખેતરમાં જતા રહે. બપોરે બહેનો રોટલા બનાવી ટોપલામાં મુકી ખેતરે જાય. ઘણા વિસ્તારમાં એમ કહે છે - "ભાતુ લઈને ગયા." સત્સંગી બહેન પતિ તથા બીજા કુટંબીઓ માટે રોટલા બનાવતા હતા. બાજરીના રોટલાં. "સ્વામિનારાયણ ..... સ્વામિનારાયણ ..... સ્મરણ થતું જાય છે અને રોટલા ટીપાતા જાય છે. શેકાતા જાય છે અને થપ્પી લાગતી જાય છે. એમાં એક રોટલો એકદમ ફુલ્યો, સરસ ફૂલી ગયો. પુરી જેવો ગોળ ગોળ થઈ ગયો. આ બહેન ભગવાનનું સ્મરણ કરતાં કરતાં રોટલા બનાવતી હતી અને આ રોટલો ફુલ્યો એ જોઈને તરત સંકલ્પ થઈ ગયો કે આ રોટલો મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન જમે એવો ફૂલ્યો છે." રોટલાની થપ્પી ગોઠવી ટોપલામાં અને બહેન તો ઉપડી ખેતરના રસ્તે ! બે બાજુ ઊંચા ઊંચા થોરીયા વચ્ચે નેરીયું, ચાલતાં ચાલતાં ખેતરે જાય છે, સામેથી કોઈ ઘોડેસ્વાર દેખાયો. કોઈ વસ્તી નહિ. બપોરનો સમય.... આ બહેનને થોડી બીક લાગી કોણ હશે ? ત્યાં તો માથે પાઘ દેખાઈ, ત્રણ છોગલાં ઉડતાં આવે છે. આ બહેનને એમ થયું કોણ હશે આ ? ત્યાં તો થોડીવાર થઈને એકદમ સ્વામિનારાયણ ભગવાન હોય એવું લાગ્યું. સુંદર રૂપાળી પાઘ ! માણકી ઘોડી ! લગામ હાથમાં ! શ્વેતાંબરી પ્રભુનાં દર્શન થયાં ઓહોહો..... મહારાજ ! તમે ! આ ખેતરનાં રસ્તે ? એ બહેન તો નીચે રોટલાનો ટોપલો મુકી અને નમસ્કાર કરે છે. ભગવાન કહે છે. "પગે લાગવાનું રહેવા દો. અમને બહુ ભૂખ લાગી છે. ખૂબ જ ભૂખ લાગી છે." મહારાજ ! રોટલા તૈયાર છે. લાવો જ્યાં રોટલાને શાક આપ્યું ત્યાં સ્વામિનારાયણ ભગવાન કહે છે, ના, એ રોટલો નહીં, અમારો રોટલો લાવો. તમારો રોટલો !!! મહારાજ ! આ બધા તમારા જ રોટલા છે. મહારાજે કહ્યું ના, અમારો રોટલો હજુ થપ્પીમાં અંદર છે ! ને આ બહેને રોટલાને ઉથલાવવા માંડ્યા..... બે, ત્રણ, ચાર એક બાજુ કર્યા ને મહારાજે કહ્યું, બસ, આ રોટલો અમારો છે. બનાવતી વખતે જે રોટલો ફુલ્યો હતો ત્યારે એવો સંકલ્પ થયો હતો કે મારા મહારાજ જમે એવો રોટલો છે. તે ભગવાને આવીને તે રોટલાો માગી લીધો. હાથમાં રોટલો લઈને મહારાજ જમવા લાગ્યા. બહેનને થયું બીજો આવોને આવો સરસ શેકેલો રોટલો શોધીને આપું અને જ્યાં નીચા નમ્યાં ત્યાં જ મહારાજ અદૃશ્ય થઈ ગયા.

સજ્જનો ! સ્વામિનારાયણ ભગવાન સદાય પ્રગટ અને પ્રત્યક્ષ છે. જીંદગીમાં ક્યારેય રસોઈ કરતાં, વ્યવહાનું કાર્ય કરતાં જો ભગવાનનું સ્મરણ થાય તો ભગવાન આપણી પ્રત્યેક ક્રિયા સ્વીકારે છે. ભલે કદાચ આપણે જોઈ શકતા ન હોઈએ પણ જો રસોઈ કરતાં કરતાં "હું મહારાજનો થાળ બનાવું છું." આવો સંકલ્પ થાય તો ભગવાન આપણો થાળ સ્વીકારે છે. એમાં કોઈ શંકા નથી. તો જ કહી શકાય કે આપણને જીંદગીમાં સાચું સંગીત પ્રગટાવતાં આવડ્યું.

ઘણીવાર આપણા ગ્રામ્ય વિસ્તારમાં ક્યાંક નેત્રયજ્ઞ ચાલતો હોય છે, ક્યાંક દંતયજ્ઞ ચાલતો હોય છે. ક્યાંક રોગ નિદાન કેન્દ્ર ચાલતાં હોય છે. એમ કથા શ્રવણ એ જીંદગીમાં સત્સંગ અને ભક્તિનું સંગીત પ્રગટાવવા માટેનો કેમ્પ છે. ગમે તેવી સ્થિતિ હોય પણ જીંદગીને એવી રીતે જીવો કે તમારી રસોઈમાં સ્વામિનારાયણ ભગવાન હાજર થાય. તમે મંદિરમાં જાઓ અને ભગવાન પ્રત્યક્ષ દર્શન આપે એવું જો ભક્તિ સંગીત પ્રગટાવતાં આવડે તો બેડો પાર થઈ જાય.

●

સ્વભાવ ટાળવાનો સહેલો ઉપાય

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ચિન્ટું : સ્વામિનારાયણ ભગવાનની કૃપા દૃષ્ટિ જેની ઉપર થાય તેના ભવ દુઃખ દૂર થાય.

પિન્ટું : હા ભાઈ થાય તો થાય.

ચિન્ટું : સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે તો તે કુળ સહિત તરી જાય.

પિન્ટું : હા ભાઈ તરી જાય તો તરીયે જાય.

ચિન્ટું : સ્વામિનારાયણ ભગવાનના સંતોનો પ્રસંગ રાખે તો સંસારમાં પણ સુખેથી જીવી શકાય.

પિન્ટું : હા ભાઈ કેમ નહિ.

ચિન્ટું : સ્વામિનારાયણ ભગવાનના સંતોનો પ્રસંગ રાખે તો ખરાબ સ્વભાવ પણ છૂટી જાય.

પિન્ટું : ના ભાઈ ના એ તો ન બને. એ સ્વભાવ અને કાથીનું છરું (કાથીનું દોરડું) બન્ને બળી જાય તોય તેના વળ જાય નહિ એવાને એવા રહે.

જુઓ શ્રીરામના પ્રસંગથી કાંઈ રાવણ સુધર્યો ? શ્રીકૃષ્ણના પ્રસંગથી કાંઈ કંસ સુધર્યો ? ભગવાનના હાથે મર્યા તેથી મોક્ષ થયો પણ સ્વભાવ ગયો નહિ.

ચિન્ટું : અરે ! આ વખતે તો સ્વામિનારાયણ ભગવાને વગર હથિયારે લડાઈ જીતી છે. એટલે ગમે તેવા દુર્જન પ્રકૃતિના મનુષ્યોને સન્માર્ગથી જીવન જીવતાં શીખવાડ્યું છે. અરે આ સત્સંગના પ્રતાપે તો પશુની પણ પ્રકૃતિ સુધરી છે.

પિન્ટું : શું વાત કરે છે ? જ્યાં માણસ સુધરવા મુશ્કેલ છે ત્યાં પશું કેમ સુધરે ?

ચિન્ટું : તો સાંભળો તમને યાદ રહી જાય તેવી સુંદર એક ગઢપુરમાં બની ગયેલી વાત કહું.

સ્વામિનારાયણ ભગવાન જે ઘોડી પર અસવાર થતા તે ઘોડીનું નામ "માણકી" હતું. આ માણકી ઘોડીના જ વછેરાની વાત છે. આ વછેરું થોડું મોટું થયું. પણ તેનામાં એક કુટેવ પડી ગયેલી. કુટેવો અને કુસંગ એ રોગચાળાની જેમ ગમે ત્યાંથી આવી જાય છે. એને આમંત્રણ આપવું પડતું નથી. આ વછેરું તેની પાસેથી જે કોઈ પસાર થાય તો તરત તેને લાત ફટકારી દેતું. અજાણ્યા હરિભક્તોને આ વાતની ખબર હોય નહિ. જો ખબર હોય તો ત્યાંથી સમજીને થોડા દૂર ચાલે. આ તો સૌ પોતે પોતાના તાનમાં ત્યાંથી પસાર થતા હોય અને ફડાક દઈને લાત ફટકારે.

આ વાત સ્વામિનારાયણ ભગવાન પાસે પહોંચી કે આ વછેરું તે જે કોઈ પાસેથી પસાર થાય તો તરત લાત ફટકારે છે. એને કોઈ પજવતું નથી. કોઈ અડતું પણ નથી. છતાં આવું કરે છે. અને અજાણ્યા કેટલાય હરિભક્તોને તે વછેરાને કારણે ઈજા પહોંચી છે. શ્રીજી મહારાજ કહે આ તો બહુ ખોટું કહેવાય. પછી તો શ્રીજી મહારાજે તે વછેરાને સ્વયં લાતો ઉલાળતા જોઈને બોલ્યાં કે આવું તો ચાલે જ નહિ. કોઈપણ ઉપાયે એની આ લાત મારવાની ટેવ તો છોડાવવી જ પડશે. ત્યારબાદ મહાપ્રભુએ એક પાર્ષદને કહ્યું કે જાઓ, વછેરું જે પગે લાત ઉછાળે છે તે પગે સાવધાનીથી એક દોરડું બાંધી આવો. મહારાજના કહેવા અનુસાર પાર્ષદે વછેરાને પગે દોરડું બાંધી દીધું. હવે !!! મહારાજે તો સભામાં જ સૌને આજ્ઞા કરી કે જે કોઈ પણ સભામાં આવે કે સભામાંથી રજા લે તેણે આ દોરડું સહેજ ખેંચતા આવવું.

આ તો દાદાનો દરબાર ! અહીં તો મહારાજના દર્શને કેટકેટલાય હરિભક્તોની અવરજવર ચાલું જ હોય. તે બધા જ મહારાજના કહેવા પ્રમાણે સહેજ દોરડું ખેચેં અને આ વછેરું ફડાક દઈને હવામાં લાત ઉછાળે અને આવું તો આખો દિવસ ચાલ્યા જ કરતું. પરિણામ એવું આવ્યું કે એના પગ સૂજી ગયા. ને છેવટે થોડા દિવસમાં થાકીને લાત ફટકારવાનું બંધ કરી દીધું !

સજ્જનો ! બહુ વિચારવા જેવી વાત છે. સત્સંગ કરે, ભજન કરે. છતાં ઘણીવાર ન શોભે એવા અયોગ્ય સ્વભાવ રહી જાય છે. આપણે સમજીને એવા સ્વભાવને ટાળી નાખી એ તો ઘણું સારૂં નહિતર ભગવાન તો જરૂર છોડાવશે. પણ ભગવાન સ્વભાવ છોડાવવાની રીત કઈ અપનાવે એની ઉપર આધાર છે. ઘણીવાર પછી એવી કસોટીમાંથી પાછા પડી જવાય એના કરતાં આપણે જાતે સમજીને અયોગ્ય સ્વભાવ ટાળી નાંખીએ તો ભગવાન સદાય રાજી રહે.

ભક્તિ સુધા

પ.પૂ. શ્રી ગાદીવાળાશ્રીના જન્મોત્સવ નિમિત્તે એક ભાવાંજલી

- શ્રી નરનારાયણદેવ યુવતી મંડળ (યુ.કે.)

પ.પૂ. શ્રી ગાદીવાળાશ્રી (મહિલા હરિભક્તોના ગુરુ) દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયના મહિલા હરિભક્તો ઉપર ખૂબજ કૃપા કરી છે. મોક્ષના માર્ગમા તેમજ અંતે અક્ષરધામના પરમ સુખની પ્રાપ્તિ માટે પ.પૂ. શ્રી ગાદીવાળાશ્રી સદાય મહિલા હરિભક્તોને સતત માર્ગદર્શન આપે છે. સનાતન ધર્મમાં અગાઉ ક્યારેય પણ ન સાંભળી કે જાણી હોય તેવી આ અદ્વિતીય વ્યવસ્થા છે.

પ.પૂ. શ્રી ગાદીવાળાશ્રી (શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહિલા ગુરુ)

ચૈત્ર સુદ-૬ એ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અને ખાસ કરીને મહિલા-હરિભક્તો માટે ખૂબજ પવિત્ર દિવસ છે. તે આપણા પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ શ્રી ગાદીવાળાશ્રી (પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ધર્મપત્ની) નો પ્રાગટ્ય દિન છે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. ગાદીવાળાશ્રી મુમુક્ષુજનોને બહેનોને સ્વામિનારાયણ સંપ્રદાયના વર્તમાન ધરાવી શ્રી સ્વામિનારાયણ ધર્મના સિદ્ધાંતોનું શિક્ષણ દ્વારા જ્ઞાન આપી મહિલા-હરિભક્તોને પોત્સાહિત કરે છે. અને એ બાબતનો પણ ખ્યાલ રાખે છે કે તેઓ પરમકૃપાળુ પરમાત્માએ બાંધેલ સિદ્ધાંતો-મર્યાદાની તેમની ફરજો અને જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવે છે.

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહિલા-હરિભક્તોમાં પ.પૂ. ગાદીવાળાશ્રી માર્ગદર્શક-બહેનોના ધર્મ ગુરુ તરીકે સર્વોચ્ચ સ્થાન ધરાવે છે.

પ.પૂ. ગાદીવાળાશ્રીનો પ્રાગટ્ય-દિન કઈ રીતે ઉજવવો ?

તમામ મહિલા-હરિભક્તોની આ દિન ઉજવવાની ફરજ છે. એક મહિલા-હરિભક્ત તરીકે (શિષ્યે) દરેકે પોતાના ગુરુના શરણે જવું જોઈએ અને તેમની સેવા કરીને રાજીપો મેળવ્યાનો વિશેષ લ્હાવો લેવો જોઈએ. પ.પૂ. ગાદીવાળાશ્રી તેમના તમામ અનુયાયી-શિષ્યાઓને જીવન મરણના ચક્રમાંથી મુક્તિ મેળવવાની એક અદ્વિતીય તક પુરી પાડે છે. તેના બદલામાં તેમના પ્રાગટ્ય - દિન નિમિત્તે આપણે સૌ બહેનોએ તેમના આશીર્વાદ લઈ તેમની આજ્ઞામાં અહર્નિશ વર્તાય તેવા સંકલ્પ નિયમ લેવા. આ માટે ઘણાં બધા રસ્તાઓ છે. જે નીચે મુજબ છે.

- મંદિરમાં નંદ સંતો રચિત રાસ-ગરબા યોજવા.
- મંદિરમાં ભજન-ભક્તિના કાર્યક્રમમાં યજમાન તરીકે સેવાના લ્હાવો લેવો.
- શ્રી ઘનશ્યામ મહારાજનું વિશેષ પૂજન કરવું.
- ખાસ થાળ તૈયાર કરીને દેવોને અર્પણ કરવો. જેમ કે હાથે બનાવલ વિવિધ મીઠાઈ ફરસાણ આદિ ધરાવવા.
- નજીકના આપણા આચાર્ય મહારાજશ્રીએ પ્રતિષ્ઠા કરેલા મંદિરમાં દર્શને જવું અને ત્યાં વિશેષ ભજન કરવું.
- છેલ્લે આપણાં ઘરમાં પણ આપણે પ.પૂ. ગાદીવાળાશ્રીને અંતઃકરણપૂર્વક યાદ કરીને આ પ્રાગટ્ય-દિન ઉજવી શકીએ.

●

પૂજ્ય ભક્તિમાતા

- શ્રી નરનારાયણદેવ યુવતી મંડળ (યુ.કે.)

(ગતાંકથી ચાલુ)

જ્યારે યાત્રાળુઓ તેમના ઘેર આવતા ત્યારે ભક્તિમાતા તેમને ખૂબજ આદર અને પ્રેમભાવથી આવકારતાં અને ગરીબ દીન દુઃખીયાઓને જોઈએ તેટલું પ્રેમથી આપતા. આમ પૂજ્ય શ્રી ભક્તિમાતાએ એક પરોપકારી અને પરદુઃખભંજન જીવન કેવું હોવું જોઈએ તેનું ઉત્તમ ઉદાહરણ પોતાના જીવન દ્વારા સમજાવ્યું છે.

સતત સેવા દ્વારા પૂજય ભક્તિમાતાએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિ સાથે શ્રેષ્ઠ અને સર્વોત્તમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પૂજય્ શ્રી ભક્તિમાતાએ બહેન-હરિભક્તોના ઉદ્ધારક છે. અને તેમણે પોતાના જીવનના અનેક દૃષ્ટંતો દ્વારા એક સ્ત્રીએ પોતાના કુટુંબ, પતિ, ઈશ્વર અને બૃહદ અર્થમાં સમગ્ર માનવ સમાજ તરફ પોતાની ફરજો કઈ રીતે અદા કરવી જોઈએ તે દર્શાવ્યું છે. ભક્તિમાતા હમેશા ભક્તિના કેન્દ્ર સ્થાને રહ્યા છે. અને ભક્તજનોને તેમની ભક્તિ અને શ્રદ્ધાને ઉજાગર કરવામાં સદાય માર્ગદર્શક રહ્યા છે.

એકાદશી સત્સંગ સભા પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી (જીવનનો અર્થ)

સંકલન : વર્ષા નટવરલાલ કોટક

આપણા લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રી એક મૂર્તિકાર (શિલ્પી) તેમજ એક મહાત્માના દૃષ્ટાંત દ્વારા આપણા જીવનનો અર્થ ખૂબ સરસ રીતે સમજાવે છે. 'સંસ્કાર' 'સંકલ્પ' અને 'સર્જન' એ આપણા જીવનના મહત્ત્વના પાયા છે. એક મૂર્તિકાર એક શિલ્પ-સ્થાપત્યની દુકાને જાય છે. દુકાનદારને ત્યાં એક મોટો પથ્થર બહારની જગ્યાએ પડેલો હોય છે. અને બીજો બધો સામાન અંદર વ્યવસ્થિત ગોઠવેલો હોય છે. જેથી મૂર્તિકાર પૂછે છે કે આ પથ્થર આપે અહીંયા કેમ રહેવા દીધો છે ? તો દુકાનદાર જવાબ આપે છે કે આ પથ્થર નકામો છે. કોઈ જ લઈ જતું નથી. તો મૂર્તિકાર એ પથ્થર ખરીદવા માટે તૈયાર થાય છે. તો દુકાનદાર કહે છે કે આ પથ્થર તમારે જોઈતો હોય તો મફતમાં લઈ જાવ. અને મૂર્તિકાર એ પથ્થર લઈ જાય છે અને પછી અમુક દિવસો પછી તેમાંથી સુંદર મૂર્તિ બનાવીને લઈને આવે છે. ત્યારે દુકાનદાર એ મૂર્તિ જોઈને ખૂબ ખુશ થઈ જાય છે. અને કહે છે કે આપે આ મૂર્તિ ખૂબ સુંદર બનાવી છે. ત્યારે પેલો મૂર્તિકાર કહે છે કે આ મૂર્તિ એ જ પથ્થરમાંથી બનાવી છે. જે આપના માટે નકામો હતો. આપણા જીવનનો અર્થ પણ એવો જ છે કે પશુ-પક્ષી કિટ આદિનો જન્મ એ અધર્મનું ફળ છે. અને મનુષ્ય જન્મ એ સારા કર્મોનું ફળ છે. પરંતુ અનેક યોનિમાં જન્મ લીધા પછી મનુષ્ય જન્મ મળે છે. ત્યારે બધુ પુરુ નથી થઈ જતું અને આપણે પણ મનુષ્ય જન્મને નકામા પથ્થરની જેમ નકામું ગણીને વ્યર્થ નથી જવા દેવાનું પરંતુ આપણને જે આ દિવ્ય-સત્સંગની પ્રાપ્તિ થઈ છે અને શ્રીજી મહારાજે આટલા દિવ્ય-સત્તાશાસ્ત્રોની રચના કરાવી છે. તેના સદ્‌વાચનથી મૂર્તિકારની માફક સતત પ્રયત્ન કરીને આપણા મનુષ્ય-જીવનને સાર્થક કરવાનું છે. આપણા સત્‌શાસ્ત્રોમાંથી આપણે શિક્ષાપત્રીને લઈએ તો આપણને ખ્યાલ આવે છે કે આપણે જીવન કેમ જીવવું ? તેમજ સત્સંગિજીવનમાંથી આપણને જાણવા મળે છે કે સત્સંગીનું જીવન કેવું હોવું જોઈએ ? તેમજ વિદુરનિતીમાંથી આપણને બધી વ્યવહારિક સમજ પડે છે. તો આવા શાસ્ત્રો દ્વારા આપણા જીવનમાં, ઉચ્ચ-સંસ્કારોનું સિંચન કરી સતત પ્રયત્નો કરવા અને બીજું 'સંકલ્પ' એટલે સારા વિચારો કરવા, કોઈપણ માણસ કોઈપણ કાર્ય કરે છે એ પહેલા એના મનમાં વિચાર આવે છે. ત્યારબાદ જ વર્તનમાં આવે છે. તો પ.પૂ. ગાદીવાળાશ્રી સારા વિચારોનું મહત્વ એક મહાત્માના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે એક સદ્‌ગૃહસ્થ એક મહાત્મા પાસે જાય છે. અને મહાત્માને પૂછે છે કે આપનામાં આટલા બધા ગુણો કેવી રીતે આવ્યા ? અને આપ નિષ્પાપી કેવી રીતે થયા ? ત્યારે તે મહાત્મા તે ગૃહસ્થને કહે છે કે હવે તમારા જીવનના માત્ર સાત જ દિવસ બાકી છે. માટે તમારે જે સત્કાર્યો કરવા હોય તે કરી લો અને પછી મારી પાસે આવજો પછી હું તમને જવાબ આપીશ. ત્યારે તે ગૃહસ્થ તેના ઘેર જાય છે. અને પોતાના જીવનના સંકલ્પ પ્રમાણે પોતાને જે જે કાર્યો કરવાના હતા તે જપ-તપ વૃત-દાન વગેરે પૂર્ણ કરી મહાત્મા પાસે આવે છે. ત્યારે મહાત્મા ગૃહસ્થને પૂછે છે કે આ છ દિવસમાં તમે શું શું કર્યું ? ત્યારે ગૃહસ્થ જવાબ આપે છે કે કે મારે જપ-તપ, વ્રત-દાન જે કાંઈ કરવું હતું તે બધું કર્યુ તે વિગતથી સમજાવે છે. ત્યારે મહાત્મા પૂછે છે કે આ છ દિવસમાં તમને ખોટા વિચાર કેટલા આવ્યા ? અને ખરાબ કાર્યો કેટલા કર્યા ? ત્યારે ગૃહસ્થ કહે છે કે જેને માથે કાળ ભમતો હોય અને સતત મૃત્યુનું સ્મરણ હોય તો ખરાબ કામ કેમ થઈ શકે ? માટે મને આ છ દિવસમાં એક પણ ખરાબ વિચાર નથી આવ્યો કે મારાથી કોઈ ખોટું કામ નથી થયું. ત્યારે મહાત્મા ગૃહસ્થને સમજાવે છે કે તમે જે મને સવાલ કર્યો હતો તેનો જવાબ આ જ છે. હું મૃત્યુને સતત યાદ રાખીને જીવું છું. માટે મારામાં આટલા સદ્‌ગુણો આવ્યા છે. તેમ આપણે પણ મૃત્યુનું સતત સ્મરણ રાખવાનું છે. એટલે કે મૃત્યુથી ડરી ડરીને નથી જીવવાનું પણ આપણું મૃત્યુ નક્કી છે જ એનું અનુસંધાન રાખીને દરરોજ સાંજે સૂર્યાસ્ત સમયે યાદ કરવાનું કે આપણી જીંદગીનો એક દિવસ પુરો થયો છે. એમ મૃત્યુનું સતત સ્મરણ કરીશું તો આપણને ક્યારેય ખોટા વિચાર કે ખોટા કાર્ય કરવાનું મન નહિ થાય. અને માનવમાંથી મહામાનવ બની જીવનના અંતિમ લક્ષ્ય સુધી ઝડપથી પહોંચી શકાશે.

આમ ઉપરોક્ત દૃષ્ટાંત દ્વારા પ.પૂ. ગાદીવાળાશ્રી આપણને જીવનને નકામા પથ્થર જેવું નકામું નહિ ગણીને સત્‌શાસ્ત્રોનું વાંચન, મનન કરીને જીવનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરીને મૃત્યુનું સતત સ્મરણ રાખીને ઉત્કૃષ્ટ મનુષ્ય-જીવનનું સર્જન કેવી રીતે કરવું ? તે જીવનનો અર્થ સુંદર રીતે સમજાવે છે. અને વાસ્તવિકતામાં પણ 'સદ્‌ગુરુ એ શિલ્પી છે.' શિલ્પીના જેમ જ આપણા ગુરુ પ.પૂ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી રાત્રિ-દિવસ જોયા વગર આપણને માનવમાંથી મહામાનવ બનાવવા માટે સતત પ્રયત્ન કરી જ રહ્યા છે. સૌ પ્રથમ વખત જ્યારે એકાદશી-સત્સંગ-સભાનું રાત્રિ

જાગરણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પ્રેરણાથી રાખવામાં આવ્યું હતું અને પ.પૂ. ગાદીવાળાશ્રીએ આખી રાત સત્સંગી બહેનો સાથે વિતાવી ત્યારે સર્વ સાંખ્યયોગી બહેનો અને સત્સંગી બહેનોએ તેમને કહ્યું કે આપશ્રીએ અમારી સાથે આખી રાત્રિ પસાર કરીને અમોને જીવનનો 'અવિસ્મરણીય' દિવ્ય અને અલૌકિક આનંદ આપ્યો છે. ત્યારે પ.પૂ. ગાદીવાળાશ્રીએ જણાવ્યું કે 'અમે અને મહારાજશ્રી બન્ને એક નહિ પણ તમે કહો તેટલી રાત્રિ આ સત્સંગ માટે જાગવા તૈયાર છીએ.' ત્યારે ખરેખર પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે કે, મા-બાપ તો માત્ર જન્મ આપે છે. જીવન તો ગુરુથી જ મળે છે. 'ગુરુ વિના જીવન અધુરુ છે.' જીવનમાં એકજ ગુરુ હોવા જોઈએ, ગુરુ સ્વયં શક્તિ-સંપન્ન હોય છે. તેઓ ખૂબ ભવસાગરમાં તરે છે. અને શિષ્યોને પણ તરાવે છે. તો આવા સદ્‌ગુરુ ધર્મવંશી ગુરુ આપણને સ્વયં શ્રીજી મહારાજે આપ્યા છે તો, જરૂર તો છે માત્ર આપણે પ્રયત્નો કરવાની. તો આવા પ્રયત્નો કરવાની શ્રીજી મહારાજ સૌને શક્તિ આપે તેવી શ્રી નરનારાયણદેવના ચરણમાં પ્રાર્થના.

●

ગુંદાળીના બે કાઠી શિષ્યો

- ભાનુબેન ભગવાનજીભાઈ પરમાર (બોડકા)

ગુંદાળી ગામમાં મેપો અને નાપો નામે બે કાઠી રહેતા હતા. તેને બ્રહ્માનંદ સ્વામીએ વર્તમાન ધરાવીને સત્સંગી કરેલા. એકવાર બ્રહ્માનંદ સ્વામી જુનાગઢથી પાછા વળતા ગુંદાળી આવ્યા. બે કાઠી ભક્તો બહાર ગયા હતા. એમની માતાએ સંતોને ઉતારો કરાવ્યો. રસોઈ તૈયાર થતી હતી. ત્યાં ગામના માથા ભારે મુખીને ખબર પડી કે સ્વામિનારાયણના સાધુ આવ્યા છે. એ મુખી સ્વામિનારાયણ સંપ્રદાયનો દ્વેષી હતો. એટલે એના સાથીને કહેવા લાગ્યો કે આ લોકો તો આપણું ગામ બગાડશે. માટે કાઢી મૂકો. મુખીએ ઘેર જઈને રોફ બતાવ્યો કે સાધુને કાઢી મુકો.

ત્યારે કાઠીઓની માતાએ કહ્યું રસોઈ તૈયાર થઈ જાય પછી જમીને જશે. મુખીએ હાકોટો માર્યો. ના રસોઈ પડી રહેવા દો અત્યારે જ ગામ છોડીને ચાલ્યા જવાનું કહી દો. બ્રહ્માનંદ સ્વામી ઘરધણીને આપત્તિ ન આવી પડે એટલે જમ્યા વગર ચાલ્યા ગયા. સંતો ઘરેથી ભૂખ્યા ગયા એટલે મેપાની માતાને તથા પત્નીને બહુ દુઃખ થયું એટલે તેઓએ પણ અન્ન ખાધુ નહિ. ઉદાસ થઈને બન્ને બેઠા હતા. ત્યાં બન્ને ભાઈ ઘેર આવ્યા. પોતાની માતાને ઉદાસ જોઈને કારણ પૂછયું. માતાએ કહ્યું કે આપણા સાધુને મુખીએ ભૂખ્યા કાઢી મુક્યા. એનું બહુ દુઃખ થાય છે. આ સાંભળીને મેપા અને નાપાનું લોહી ઉકળી ઉઠ્યું. બંને ભાઈ અસલ ક્ષત્રીય ભાવમાં આવી ગયા. ભાલોને તલવાર લઈને ગામને ચોરે પહોંચ્યા. ગામ ધણી ગામને ચોરે બેઠો હતો. જાણે મોટું પરાક્રમ કર્યું હોય એ રીતે બોલતો હતો કે આજ તો સ્વામિનારાયણના સાધુને હાકી કાઢ્યા. એવું બોલ્યા ત્યાંજ બંને ભાઈઓએ મુખીનો પગ ઝાલીને ચોરા ઉપરથી નીચે નાખ્યો. પછી તો મોટું ધિંગાણું થયું. બન્ને ભાઈઓએ મુખીને ભાલાથી મારી નાખ્યો. આ ધિંગાણામાં બંને ભાઈ પણ પ્રભુના ધામમાં ગયા.

આ રીતે સાધુનો પક્ષ રાખ્યો. એમ માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તો શું ન થાય ? બ્રહ્માનંદ સ્વામી જેવા સંતોનો પક્ષ રાખ્યો અને જીવન કુરબાન કર્યું તો મહારાજે આ બંને કાઠી ભાઈઓને વચનામૃત જેવા શાસ્ત્રમાં યાદ કર્યા.

"ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત"

●

પંચાળાના જીણાભાઇ

- સાંખ્યયોગી કંચનબા (ધ્રાંગધ્રા)

સોરઠમા જુનાગઢની બાજુમાં પંચાળા નામનું ગામ છે. ત્યાં મહાન ભક્ત જીણાભાઈ થઈ ગયા. તેઓને હરિભક્તનો મહિમા ખૂબ હતો. એક સમયે તેઓ કોઈ કામ પ્રસંગે માંગરોળ ગયા હતા. ત્યાં ગામના લોકોએ વાત કરી કે તમારા સ્વામિનારાયણ ભક્ત કમળશીભાઈ અત્યારે ખૂબ બિમાર છે. અને તેમના ઘરના લોકો તેમની સેવા કરતા નથી. આ સાંભળતા જ જીણાભાઈ તુરંત કમળશીભાઈ વાંઝાને ઘેર ગયા. ત્યાં એક નાની ઓરડીમાં નાની ખાટલીમાં કમળશીભાઈ સૂતા હતા. ખૂબ બિમારીને કારણે અશક્ત કમળશીભાઈને ઘણીવાર મળ-મૂત્ર પણ પથારીમાં થઈ જતા તેથી ઓરડીમાં ખૂબ માખી, મચ્છર તથા દુર્ગંધ આવતી હતી. છતાં પણ ભક્તના મુખે સ્વામિનારાયણ પ્રભુનું રટણ ચાલુ હતુ

હરિભક્તની આવી દશા જોઈ જીણાભાઈની આંખમાં આંસુ આવી ગયા. તેમણે કમળશીભકતને જય સ્વામિનારાયણ કહી ખબર અંતર પૂછયા, તો ભક્ત રડી પડ્યા કે જીણાભાઈ ! હું હવે પરવશ થઈ ગયો છું. મારાથી ધર્મ-નિયમ પળાતા નથી. કારણ મારી પત્ની અને બાળકો કુસંગી છે. એટલે ગાળ્યા વિનાનું જળ-દૂધ મને પીવડાવે છે. સમયસર જમવાનું પણ નથી આપતા અને ગાળો દે છે.

આવી વાત સાંભળી જીણાભાઈએ તેમના સગાઓને બોલાવ્યા અને કહ્યું કે, આવા મહાન હરિભક્તની ચાકરી કેમ કરતા નથી ? ત્યારે પત્ની બોલી "એ તો એ જ લાગનો

છે. સારો હતો ત્યારે ડુંગળી લસણ પણ નહોતો ખાવા દેતો અને પરાણે દૂધ-પાણી ગળાવતો. પરાણે ધર્મ કરાવતો અને વઢીને મંદિર લઈ જતો. સારુ છે માંદો છે તો અમે તેના નિયમમાંથી તો છૂટ્યા. સેવા કરીએ તો ફરી સારો થઈ અમને હેરાન કરે. ત્યારે જીણાભાઈએ કહ્યું કે તો પછી હું મારે ઘેર લઈ જાઉ ? તરત ઘરના બધા બોલ્યા હા હા લઈ જાવ. જીણાભાઈએ તરત ત્રણ નોકર બોલાવ્યા અને ખાટલા સોતા કમળશીભાઈને ત્રણ નોકર અને જીણાભાઈ પોતે એમને ઉપાડ્યા.

એક હાથમાં ઘોડાની સરક અને બીજા હાથમાં ખાટલાનો પાયો એ રીતે ગામની બજાર વચ્ચેથી નીકળ્યા. ગામના ચોરે માંગરોળના પટેલ બેઠા હતા. તેમણે જોયું ને તરત પૂછ્યું. અરે ઠાકોર સાહેબ ! તમે પંચાળાના રાજા થઈ આ પલંગ કેમ ઉપાડ્યો છે ? આવું હલકું કામ તમને ન શોભે, ઉભા રહો હું નોકરને બોલાવુ. અને પંચાળા તો અહીંથી સોળ માઈલ દૂર છે અને મજૂરનું કામ તમે કરો તો તમારી આબરૂ ન સચવાયને લોકો મશ્કરી કરે.

ત્યારે જીણાભાઈએ જવાબ આપ્યો, "હે પટેલ ! ભગવાનના ભક્તની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે એમ અમારા ભગવાન કહે છે. એટલે મારા મોટા ભાગ્ય કે આ સેવા મારા ભાગમાં આવી. એમ કહી પલંગ ઉપાડી ચાલવા માંડ્યા. પંચાળા પહોંચી પોતાના બહેન અદીબાને પૂછ્યું બહેન ! માંગરોળથી કમળશી ભક્તને લાવ્યો છું. તેઓ ખૂબ બિમાર છે. તેમના ઘેર તેમની સેવા કોઈ કરતું નથી. એટલા માટે સેવા કરવા આપણા ઘેર લાવ્યો છું. તો તેમનો ખાટલો ક્યાં રાખુ ?

આવું સાંભળી અદીબાએ મુખ બગાડીને કહ્યું "ભાઈ ! માંદાનો ખાટલો ડેલીના ખાનામાં રાખો." બહેનનું આવુ બોલવું સાંભળી જીણાભાઈને દુઃખ થયું, પરંતુ પ્રભુના ભક્તને પોતાના પુત્રથી પણ પ્રિય માનનાર જીણાભાઈએ ડેલીના ખાનામાં કમળશીભાઈને નહિ લઈ જતા પોતાના ઓરડામાં લઈ ગયા અને પોતાના પલંગમાં સૂવડાવ્યા.

પછી તો કમળશી ભક્તની પોતે જ સેવા કરવા લાગ્યા. માથું દાબે, પગ દાબે અને મળ-મૂત્ર વાળા કપડા ધૂવે આ રીતે સાત ખોટનો એકનો એક દીકરો હોય અને તે બિમાર પડી જાય પછી તેની સેવા જે ભાવથી કરવામાં આવે તે રીતે જીણાભાઈ કમળશીભાઈની સેવા કરતા. એક દિવસ કમળશીભાઈને શરદી થઈ ગઈ હતી, તેથી જીણાભાઈએ અદીબાને પૂછ્યું, "ઘરમાં તીખા મરી હોય તો લાવો, ભગતને શરદી થઈ છે માટે જોઈએ છે." તુરત અદીબાએ કહ્યું તીખા નથી. ત્યાર પછી બે-ત્રણ દિવસે જીણાભાઈને શરદી થઈ ગઈ અને માથું દુઃખવા આવ્યું. એટલે તેઓ સૂઈ ગયા હતા. અદીબાને ખબર પડતા તુરત એક વાડકીમાં તીખા વાટીને લાવ્યા અને જીણાભાઈને કહ્યું, "ભાઈ લાવો તીખા કપાળે ચોપડી દઉ એટલે તમને આરામ થઈ જશે અને શરદીમાં રાહત રહેશે." ત્યારે જીણાભાઈએ પૂછયું બે દિવસ પહેલા ન હતા અને આજે ક્યાંથી આવ્યા ? ત્યારે અદીબા કહે ઘરમાં કોઈને શરદીમાં કામ લાગે એટલે થોડા મુકી રાખ્યા હતા.

આવા વેણ સાંભળી જીણાભાઈ ખૂબ ગુસ્સે થયા અને વાડકીનો ઘા કર્યો પછી બોલ્યા : "આ એકાંતિક ભક્તને તું પારકો માને છે ? એક પૈસાના તીખા માટે તે ના કહી દીધી ? અત્યારે શું સમજીને મારી પાસે આવી છો. જા આજથી તારુ મુખ મને બતાવીશ નહીં. આજથી તુ મારી બહેન નહીં અને હું તારો ભાઈ નહીં." આમને આમ છ મહિના વીતી ગયા છતાં જીણાભાઈ અદીબા સાથે બોલતા નથી.

પછી ગઢપુરમાં શ્રીજી મહારાજને આખી વાતની ખબર પડી કે કમળશી ભક્તને માંગરોળથી પંચાળા લઈ જઈને જીણાભાઈ જાતે સેવા કરે છે. તુરત સંતો, પાર્ષદોને સાથે લઈ શ્રીજી મહારાજ પંચાળા પધાર્યા અને જીણાભાઈને સાત વખત ખૂબ હેતથી ભેટ્યા અને પછી કહ્યું, "ભગવાન તો ભક્તવત્સલ છે. તમે અમારા ભક્તની ખૂબ સેવા કરી એટલે અમે બુહ રાજી થયા છીએ." આ સમયે અદીબાએ શ્રીજી મહારાજને વાત કરી કે મારાથી ભાઈની ભૂલ થઈ ગઈ છે. તેની હું માફી માગુ છું. ભાઈ મારી સાથે બોલતા નથી. તો તેમને કહો કે મને માફ કરી દે. પછી શ્રીજી મહારાજની આજ્ઞાથી જીણાભાઈએ અદીબાને માફ કરી દીધા.

ત્યાર પછી ઘણા સમય બાદ જીણાભાઈ ધામમાં ગયા ત્યારે શ્રીજી મહારાજે પોતે તેમની નનામી ખભે લીધી હતી અને અગ્નિસંસ્કારમા સાથે ગયા. આ વાત મુક્તાનંદ સ્વામીએ સાંભળી એટલે મહારાજ મળ્યા ત્યારે પૂછ્યુ હે મહારાજ ! ઈચ્છારામભાઈ ધામમાં ગયા ત્યારે તમે નનામી ઉપાડી ન હતી તો પછી જીણાભાઈની નનામી કેમ ઉપાડી ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા "હે સ્વામી ! જીણાભાઈએ મારા ભક્ત કમળશીનો પાયો ખંભે ઉપાડ્યો હતો તેનું ઋણ વાળવા માટે મેં તેઓની નમાની ઉપાડી હતી. મારા ભક્ત માટે તો હું વેચાઈ પણ જાઉ છું. આ વાત સાંભળી મુક્તાનંદ સ્વામીએ જીણાભાઈના ખૂબ વખાણ કર્યા હતા. આવા હતા ભક્ત વત્સલ શ્રીહરિ અને તેમના પરમ ભક્ત જીણાભાઈ.

●

સાકાર વિના સર્વ નિરર્થક

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા

નાઘેર દેશમાં લોઢવા નામે ગામમાં ચારણ જ્ઞાતિનાં લખુભાઈ નામનાં સ્ત્રી સારાં ભક્ત હતા. તેમને ત્યાં બાળાનંદ તથા વિઠ્ઠલાનંદ નામના બે બ્રહ્મચારી રહેતા હતા. વર્ણીરાજ શ્રીહરિ વિચરણ કરતાં કરતાં તે બાઈને ઘેર ગયા. વર્ણીને જોતાં જ આ કોઈ મહા સમર્થ છે તેમ જાણી તે બાઈ મહાપ્રભુના પગમાં પડી. નીલકંઠ એક પથ્થરની મોટી શીલા ઉપર બેઠા.

લખુબાઈ આત્માનંદ સ્વામીની શિષ્યા હતી. તે સમાધિ નિષ્ઠ હતી. તેને ગુરુનું અપાર બળ હતું. પિંડબ્રહ્માંડથી પર પોતાને માનતી. ગુરુને હરિરૂપ માનતી. જગતને તુચ્છ માનતી. શાસ્ત્રોમાં કહેલા ગુરુનાં તમામ લક્ષણોની પરીક્ષા કર્યા પછી તેણે આત્માનંદ સ્વામીને ગુરુ કર્યા હતા.

ગુરુના દેહવિલય બાદ તે લોઢવા ગામમાં રહેતી. વર્ણી રાજ ને જોઈ એમનું સન્માન કર્યું. પ્રણામ કર્યા પછી તે બાઈ પૂછવા લાગી કે, "હે બાલાજોગી તમે આ જોગ શા માટે લીધો છે ?" કારણ વિના કોઈ ઘરનો ત્યાગ કરી દૈહિક સુખનો ત્યાગ ન કરે. કોઈ પંચાગ્નિ તાપે, કોઈ વાયુનો આહાર કરે, કોઈ વન, પર્વત ફરે, યોગ સાધે તે બધું જ બહુ ફળની ઈચ્છાથી જ કરે છે. કોઈ દેવ થવા માટે, કોઈ રાજા થવા માટે, તો કોઈ ભગવાન મેળવવા માટે એમ દરેકની જુદી જુદી આશાઓ હોય છે. તેમાંથી આપે ક્યા ફળની પ્રાપ્તિ માટે આવો જોગ લીધો છે ?"

બાઈને ભક્ત જાણી નીલકંઠવર્ણી કહેવા લાગ્યા કે "પ્રગટ ભગવાન મેળવવા માટે જ ઘર, સુખ, સંપત્તિ છોડેલ છે. પ્રકૃતિ પુરુષ સુધીના જગતના સુખોને નાશવંત, કાકવિષ્ટા સમાન જાણીને ત્યજ્યા છે. સ્વપ્રમાં પણ તેનો સંકલ્પ થતો નથી. બ્રહ્મતેજ ને મારું સ્વરૂપ માનું છું અને તે તેજમાં મને ભગવાનનાં દર્શન થાય છે. પરંતુ પ્રગટ શ્રી કૃષ્ણ પુરુષોત્તમને મેળવવા માટેનો મનમાં બહુ આગ્રહ હોવાથી જપ, તપ કરું છું. બદરિકાશ્રમ સુધી ફરી આવ્યો. વિકટ વન, પર્વતમાં મોટા મોટા સિધ્ધોને પણ મળ્યો. હવે દ્વારિકા, ગિરનાર અને આબુ બાકી રહ્યાં છે. ત્યાં ફરી રહ્યા પછી એક સ્થાને બેસીને ભગવાનનું ધ્યાન કરીશું. એમ ધ્યાન કરતાં કરતાં આ દેહનો ત્યાગ કરીશું. ત્યાં સુધીમાં જો પ્રગટ ભગવાન મળશે તો પ્રેમથી તેમની સેવા કરીશું."

વર્ણીની વાત સાંભળી લખુબાઈ બોલ્યા, "હે વર્ણી ! તમો અહીં ત્રણ માસ રહો, હું તમોને ભગવાનની વાત કહું. આપનો અખૂટ પ્રેમ જોઈ પ્રગટ પ્રભુ આપને અચૂક મળશે. પરંતુ ગુરુ મળે એજ પ્રગટ હરિ મળ્યા એમ મેં ગુરુના મુખથી સાંભળ્યું છે અને આપ તો જુદી જ વાત કરો છો કે ગુરુ જુદા અને હરિ પણ જુદા. એથી મને આશ્ચર્ય લાગે છે. થોડી પણ વસ્તુ જ્યાં સુધી મળે નહિ ત્યાં સુધી રસ આવે નહિ. રસ આવ્યા વિના કલેશ રહ્યા કરે અને કલેશ હોય ત્યાં પ્રગટ ભગવાન હોય નહીં." લખુબાઈની વાત સાંભળી વર્ણીરાજ કહે, "હે લખુબાઈ ! ગુરુ એ જ હરિ તે વાત બરાબર નથી. ગુરુ તો માત્ર ભગવાન મેળવવામાં જ યોગ્ય રસ્તો બતાવે છે. માટે તમારી કે તમારા ગુરુની તે વાત અમને મનાતી નથી. લખુબાઈનો નિષ્કપટ પ્રેમ જોઈ નીલકંઠવર્ણી ત્યાં ત્રણ માસ રોકાયા. તે બાઈ ઘેર ઘણી ભેંસો રાખતી તેથી નિત્ય દૂધ ઊનું કરીને કેસર, સાકર, ઈલાયચી નાંખીને વર્ણીને પ્રેમથી પીરસતી. આત્માનંદ સ્વામીના શિષ્યો બાલાનંદને વિઠ્ઠલાનંદ નામના જે બે બ્રહ્મચારીઓ બાઈને ત્યાં રહેતા હતા તેમની પાસે બાઈ રોજ રસોઈ બનાવરાવે અને વર્ણીરાજને પ્રેમથી જમાડે. બાઈ રોજ નીલકંઠ પ્રભુને ગુરુ આત્માનંદના પ્રતાપની વાતો કરે. તે જેવી રીતે બ્રહ્મતેજ દેખતા, જેમ ગૃહ ત્યાગ કર્યો, જેમ પરચા આપતા, જેમ યોગ સાધતા તે બધું જ નીલકંઠવર્ણીને કહ્યું. તે સાંભળી વર્ણી બોલ્યા કે, "તમારા ગુરુ જ્ઞાન વાર્તા કેવી કરતા તે અમનો કહો" જો તે વાતોથી અમોને જીવમાં તેમના પ્રત્યે ભાવના થશે અને તે જ્ઞાન અમને વ્યાજબી લાગશે તો અહીં રહીશું."

પછી તે બાઈ રોજ પોતાના ગુરુથી જે જ્ઞાન મેળવ્યું હતું તેની વાતો કરવા લાગી. તે વાત સાંભળી નીલકંઠવર્ણીએ જાણ્યું કે તેમનામાં સાકાર ભગવાનની ઉપાસના નથી અર્થાત્ તે ભગવાનને નિરાકાર માને છે. છેવટે વર્ણી બોલ્યા, હે લખુબાઈ ! તમને તથા તમાર ગુરુને સાકારની ઉપાસના નથી અને સાકાર વિના સર્વ નિરર્થક છે. આપનો પ્રેમભાવ જોઈ અમે અહીં આટલું રોકાયા. હવે અમે અહીંથી જઈશું."

છેવટે નીલકંઠવર્ણી મહાપ્રભુએ લખુબાઈના ઘેરથી વિદાય લીધી અને પ્રભાસમાં આવ્યા.

જ્યાં સાકારની વાત નહીં ત્યાં સર્વોપરિ હોય નહી અને રહે પણ નહીં !

પ્રગટ પુરૂષોત્તમ નારાયણની સાકાર નીતિ અને સાકાર રીતિ જ સર્વોત્તમ છે અને તે જ કલ્યાણકારી પણ છે !

પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્રશ્ન : ૧ શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથના કેટલા અંશો, કેટલા અધ્યાયો અને કેટલા શ્લોકો છે તે જણાવો ?

પ્રશ્ન : ૨ પ્રેમી ભક્ત 'પૂંજાભાઈ ડોડીયા' જેઓને મહારાજે પોતાના હાથે પાણી પાયુ હતું તે ભક્ત ક્યા ગામના હતા ?

પ્રશ્ન : ૩ સ.ગુ. રામાનંદ સ્વામીનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

પ્રશ્ન : ૪ ગામ સાતપડાના ભગો ભક્ત મનમાં કેવો સંકલ્પ લઈ ગઢપુર આવ્યો હતો ?

પ્રશ્ન : ૫ "કોણ કુળને કોણ કુટુંબી, કોણ માતને તાત, કોણ ભાઈને કોણ ભગીની, બ્રહ્મ હમારી જાત." આ ઉપદેશાત્મક વાત એક સંત પોતાના સગા-વહાલાને કહી રહ્યા છે એવો તે ક્યો પ્રસંગ કે આ ઉપદેશની વાત કહેવી પડી અને વળી એ સંત કોણ હશે ?

પ્રશ્ન : ૬ ભગવાનનાં પાંચ રૂપો શાસ્ત્રમાં ક્યા છે તે ક્યાં પાંચ સ્વરૂપો છે. તેના નામ જણાવો ?

પ્રશ્ન : ૭ આ કડી એક કીર્તનની છે. તમારે તે કીર્તનના રચયિતાનું નામ જણાવવાનું છે, "પ્યારા મુજને લગી તારી મોહની, રસિયાવર રે તારું જોઈને રૂપ મુજને."

માર્ચ-૨૦૦૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો

(૧) જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા વરાહાદિક ભગવાનના અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર ક્યારેય ન સાંભળવા અને ન માનવા શિક્ષાપત્રી-૨૯. (૨) "આજની ઘડી રે, ધન્ય આજની ઘડી." (૩) જોબન પગી. (૪) કૃષ્ણ શર્માને તેની ભાર્યા ભવાની થકી, ત્રણ પુત્રો તેમજ બાળા અને ચંદન નામની પુત્રીઓનો જન્મ થયો હતો. (૫) ત્રીજા વર્ષમાં, જેઠ માસના કૃષ્ણ પક્ષની પાંચમે, ધનિષ્ઠા નક્ષત્રમાં ગુરુવારે વેદજ્ઞ વિપ્રોને બોલાવીને યથાશાસ્ત્ર ચૌલકર્મ કરાવ્યું. (૬) શ્લોક ૨૧૪, ૧૦૦૦ નામ ગ્રંથકર્તા, શતાનંદ સ્વામી (૭) સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી.

૧. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા (મોરબી)
૨. ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૩. પટેલ હાર્દ, હેલી કિરીટભાઈ (નરોડા)
૪. અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૫. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૬. મુદુલાબેન બિપીનભાઈ સોની (નવાવાડજ)
૭. પટેલ જ્યોત્સનાબેન રાજેન્દ્રભાઈ (આણંદપુરા)
૮. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૯. ઘનશ્યામભાઈ ભગવાનભાઈ પરમાર (સુરત)
૧૦. વર્ષાબેન અરવિંદભાઈ સોની (મેમનગર)
૧૧. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૨. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૩. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (મોખાસણ)
૧૫. રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૧૬. મનાણી પુષ્પા (જીરાગઢ)
૧૭. પટેલ પુરીબેન ભગવાનભાઈ (ખારવા)
૧૮. અશોકભાઈ ભોળીદાસ પટેલ (વડુ)
૧૯. અમૃતલાલ કે. મોદી (સોજા)
૨૦. વિનોદભાઈ પી. પટેલ (વહેલાલવાળા)
૨૧. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૨. કાછડિયા રાધિકા બાબુભાઈ
૨૩. ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)
૨૪. સાંખ્યયોગી શિલ્પાબા, શિતલબા (સુરેન્દ્રનગર)
૨૫. સાંખ્યયોગી ભારતીબા, મંજુબા (અમદાવાદ-હવેલી)
૨૬. ભાવનાબેન કમલેશભાઈ ખંધડીયા (મોરબી)

નોંધ : પ્રશ્નપેટી વિભાગના પ્રેમીભક્તજનોને જયશ્રી સ્વામિનારાયણ સાથે ધ્યાન દોરવાનું કે નવાવાડજના ભક્ત જનો જેમાં પટેલ ત્રિભોવનભાઈ લક્ષ્મણદાસ પૂજારી જેમના જવાબોની કોપી એકજ અક્ષરથી એક સરખા, કાગળના ટુકડા કરીને જવાબો ૨૦૦૯ માર્ચ માસના મોકલેલ છે, માટે પ્રેમીભક્તજનોએ ધ્યાન રાખવાનું કે તમારા જવાબ ગુપ્ત રહેશે તથા અક્ષર, કાગળ અલગ હશે તોજ તેઓના નામ પ્રકાશિત કરવામાં આવશે. જેની સૌ નોંધ લેશો. પ્રશ્નોના જવાબ કાલુપુર સ્વામિનારાયણ મંદિર સ્વા. માસિક કાર્યાલયમાં પ્રશ્નપેટી વિભાગમાં જ મોકલવા. ત્યાં જેમના જવાબો આવ્યા હશે તે તપાસી બધા સાચા-જવાબો હશે તેમના જ નામ પ્રકાશિત કરવામાં આવશે.

સત્સંગ સમાચાર

સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો ૧૮૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

આપણા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં શ્રીનગર અમદાવાદમાં સૌ પ્રથમ ભવ્ય ગગનચુંબી મહામંદિર નિર્માણ કરાવીને સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવની બાથ ઘાલીને પ્રતિષ્ઠા કરીને સર્વ આશ્રિત માત્ર માટે કલ્યાણની પરબ ખુલ્લી મુકી. આવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનો ૧૮૭ મો પાટોત્સવ ફાગણ સુદ ત્રીજના શુભ મંગળ દિને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીકોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયો. હજારો દેશ વિદેશના ભાવિક-શ્રધ્ધાળુ હરિભક્તોએ દેવ દુર્લભ દર્શનનો મહા અલૌકિક લાભ લીધો.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના સુંદર માર્ગદર્શન મુજબ સભા સંચાલન યુવાન કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુલ સંચાલક) એ સુંદર રીતે શોભાવ્યું હતું. પાટોત્સવના યજમાન પ.ભ. જીતુભાઈ મગનલાલ ચોકસી અને પ.ભ. નવીનભાઈ મગનલાલ ચોકસી પરિવાર અને ધ્વજદંડના યજમાન પ.ભ. સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા) આદિ હરિભક્તોએ બન્ને પીઠાધિશ્વરનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સંપ્રદાયના મૂર્ધન્ય લેખક - કથાકાર પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, જેતલપુરના સ.ગુ. શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામી, સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી, મૂળીના સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા. સ્વામી નારાયણવલ્લભદાસજી આદિ સંતોએ પ્રાસંગિક પ્રવચનમાં આગામી ધર્મકુળ વંદના મહોત્સવની રૂપરેખા સમજાવીને તેમાં સૌ હરિભક્તોને તન,મન અને ધનથી સેવા કરવા હાકલ કરી હતી.

સંપ્રદાયના મૂર્ધન્ય લેખક અને કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની સુંદર કલમે લખાયેલ **લાંઘણજ લીલા પુસ્તકનું** વિમોચન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત સંપન્ન થયું હતું.

આ દિવ્ય પ્રસંગે પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ બ્ર.પૂ. સ્વામી રાજેશ્વરાનંદજી, સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી). સ.ગુ. મહંત નાના પી.પી. સ્વામી (નારાયણઘાટ) કોઠારી પાર્ષદ દિગંબર ભગત, ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી હરિચરણદાસજી (કલોલ) યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત-પાર્ષદ મંડળ વિવિધ સેવામાં અગ્રેસર રહ્યાં હતા. સભાના વિરામ બાદ બન્ને આચાર્ય મહારાજશ્રીએશ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી ઉતારી હતી. સૌ હરિભક્તોએ દેવ દર્શન-અન્નકૂટ દર્શન કરી મહા પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. *(કોઠારી જે. કે. સ્વામી)*

શ્રી નરનારાયણ જયંતી-પુષ્પ દોલોત્સવ ભવ્યતાથી ઉજવાયો

ફાગણ સુદ-૧૫ ના શુભ દિને શ્રી નરનારાયણ જયંતી પુષ્પ દોલોત્સવ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના ભવ્ય પ્રાંગણમાં બપોરે ૧૨ થી ૧ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો. સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારીને અબીલ ગુલાલના અલૌકિક અમી છાંટણા કરીને મહા અલૌકિક લાભ આપેલ. ત્યારબાદ મંદિરના ભવ્ય ચોકમાં અમદાવાદ મંદિરના મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ કોઠારી પાર્ષદ દિગંબર ભગત અને સંત મંડળે ટ્રેકટરની ટ્રોલીમાં વિશાળ સુંદર ટાંકીમાં કેસૂડાના ફૂલોના સુગંધીમાન રંગ ભરીને તૈયાર કરવામાં આવેલ જેમાં ઈલેકટ્રોનિક પિચકારીથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના હજારો આશ્રિતજનોને સતત એક કલાક સુધી કેસૂડાના અલૌકિક રંગથી ભીંજવી દીધા. સંતો-હરિભક્તો આજે પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તે ભીંજાવા કલાકોથી પ્રતિક્ષામાં ઉભા હતા. ખરેખર આજનો દિન અતિ ભવ્ય અને દિવ્ય હતો. આ પ્રસંગે બ્ર. પૂ. સ્વામી રાજેશ્વરાનંદજી, નારણઘાટ મહંત શા. નાના પી.પી. સ્વામી, સ.ગુ. સ્વામી હરિચરણદાસજી (કલોલ) ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંતો અને હરિભક્તો સેવામાં રહ્યા હતા. *(કોઠારી જે. કે. સ્વામી)*

શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાનો અમદાવાદ ટાઉનહોલમાં ઉજવાયો વાર્ષિકોત્સવ

શ્રીજી મહારાજનાં સમકાલિન સમયમાં પણ સ.ગુ. મુક્તાનંદ સ્વામી પ્રેમાનંદ સ્વામી વગેરે નંદ સંતો પોતાની કલા કૌશલ્યતા દ્વારા અવાર-નવાર શ્રીહરિને નૃત્ય કરી પ્રસન્ન કરતા હતા. જેમાં પ્રેમાનંદ સ્વામી સ્વયં સ્વરચનામાં કહે છે કે "પ્રેમાનંદ ગાયે આગે. આવે ઓરા ઓરા ખસતા ક્યારે હવે દેખું રે હરિ હસતા."

સ.ગુ. મુક્તાનંદ સ્વામી સુંદર નૃત્ય કરી આબેહૂબ હાથીનું ચિત્ર કુમકુમવાળા પગથી દોરતા હતા. આમ મહારાજનાં સમયમાં પણ આ પ્રકારે સંતો પોતાની આગવી કલા કૌશલ્યતાથી શ્રીહરિને રાજી કરતા હતા..તે પરંપરાનુંસાર શ્રી નરનારાયણદેવ પીઠના આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ દ્વારા સંસ્થાપિત એવં પ.પૂ.ધ.ધુ આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી તથા પૂજ્ય મોટા મહારાજશ્રીની શુભેચ્છા તથા જેતલપુર મંદિરના મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી) ના માર્ગદર્શનથી ચાલતી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થી સંતો-પાર્ષદો તથા ભૂદેવો દ્વારા આદિ આચાર્યશ્રી

અયોધ્યાપ્રસાદજી મહારાજની ૨૦૦ મી જન્મ જયંતીના ઉપલક્ષમાં કાલુપુર મંદિર દ્વારા આયોજીત "ધર્મકુળ વંદના" અન્તર્ગત ભવ્ય ઐતિહાસિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સંપ્રદાયનાં ઈતિહાસમાં આ પ્રકારનો જાહેર કાર્યક્રમ પ્રથમ વખત જ થતો હોઈ વિદ્યાર્થીઓમાં સ્વયંભૂ ઉત્સાહ વિશેષ હતો. તેમાંય અમદાવાદ વાસી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની સાથે પૂજ્ય મોટા મહારાજશ્રી, અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પૂજ્ય ગાદીવાળાશ્રી (અમદાવાદ), આશરે બસોથીપણ વધારે સંતો, સાંખ્યયોગી બહેનો તેમજ વિશાળ સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી આયોજકોને ઉત્સાહિત અને વિદ્યાર્થીઓની કળાને પ્રોત્સાહિત કરી હતી. ધર્મકુળ આગમન સમયનાં સ્વાગત ગીતથી તો પૂજ્ય ત્રણેય મહારાજશ્રી ખૂબજ ગદ્‌ગદિત થઈ ગયા હતા. વૈદિક મંગલાચરણનાં ગાનથી દીપ પ્રાગટ્ય પૂજ્ય બંને મહારાજશ્રી તેમજ અગ્રગણ્ય સંતો, સોમનાથ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી પંકજભાઈ જાની, કાંકરેજના ધારાસભ્યશ્રી બાબુભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય બાદ નિયત કરેલ કાર્યક્રમ મુજબ એક પછી એક કૃતિ પ્રસ્તુત થતી ગઈ તેમ તેમ પ્રેક્ષકોના આનંદોત્સાહ વધતા વારેવારે તાળીઓના ગડગડાટથી વિદ્યાર્થીઓને ઉત્સાહ પુરો પાડતા હતા.

આ કાર્યક્રમને સુફળ અને સફળ બનાવવા માટે અનેક લોકોએ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે રસ લઈ પ્રેરક-માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. પૂજ્ય મહારાજશ્રી આ કાર્યક્રમ નિહાળી અતિ પ્રસન્ન મુદ્રામાં બોલી ઊઠ્યા કે ખરેખર અદ્‌ભુત કાર્યક્રમ છે. આવો કાર્યક્રમ દર વર્ષે જાહેરમાં થવો જોઈએ. આ સમગ્ર કાર્યક્રમની પૂર્વ તૈયારી મૂળીના શા.સ્વામી સત્યસ્વરૂપદાસજી તથા સંસ્થાના અન્ય સહકાર્યકરોએ પોતાનું બૌધિક તેમજ શારીરિક યોગદાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન વાડીનાં સંચાલક શા. સ્વામી હરિઉઁપ્રકાશદાસજીએ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત બંને દેશના મહારાજશ્રી, પૂજ્ય મોટા મહારાજશ્રી, પૂજ્ય ગાદીવાળાશ્રી તેમજ માંગરોળથી લઈ સુરત સુધીના દૂર-દૂરથી વિશાળ સંખ્યામાં સંતો તથા સાંખ્યયોગી બહેનો અને હરિભક્તોએ હાજરી આપી કાર્યકર્તાઓને અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા તે બદલ હરિઉઁ સ્વામીએ સંસ્થા વતી આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવાં જેતલપુર મંદિરના નવયુવાન મહંત કે.પી. સ્વામીનો સહયોગ પ્રશંસનીય હતો. *(વી.પી. સ્વામી, જેતલપુર)*

ઓળા ગામે શ્રીમદ્ ભાગવત પારાયણ

સર્વોપરિ શ્રીહરિના ચરણ કમળથી અંકિત અને જે ગામમાં રતનબાઈએ શ્રીજી મહારાજને વરરાજાની પેઠે પોંખ્યા હતા એવા મહાન પ્રસાદીના ઓળા ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા અનિ. પ.ભ. ચિમનલાલ નાથાલાલ પટેલના સ્મરણાર્થે ગં.સ્વ. નાથીબેન ચિમનલાલના શુભ સંકલ્પથી તા. ૧૮-૨-૦૯ થી તા. ૨૪-૨-૦૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી જેતલપુરવાળા)એ વિરાજીને કથામૃતનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવ્યું હતું. સહિંતા પાઠમાં મહંત શા.સ્વામી ઉત્તમપ્રિયદાસજી (મહેસાણા) બિરાજ્યા હતા.

કથા પ્રસંગમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ ધામધૂમથી ઉજવાયા હતા. યજમાન પરિવારના આમંત્રણને માન આપી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું.

તા.૨૪-૨-૦૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ભવ્ય શોભાયાત્રા દ્વારા ધામધૂમથી સામૈયું કર્યું હતું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સભામાં પધાર્યા ત્યારે જયજયકાર સાથે પુષ્પવૃષ્ટિ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પ્રથમ વ્યાસપીઠનું પૂજન અર્ચન કરી આરતી ઉતારીને પોતાના સિંહાસન પર વિરાજમાન થયા હતા. યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી પોષાક ભેટ અર્પણ કરી હતી.

સભામાં સ.ગુ. મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર) મહંત શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા), સ.ગુ. મહંત શા.નાના પી.પી. સ્વામી (નારણઘાટ), સ.ગુ. મહંત સ્વામી નારાયણપ્રસાદાદાસજી, જેતલપુરના મહંત કે.પી. સ્વામી, જેતલપુરના પૂ.બ્ર. પૂર્ણાનંદ સ્વામી, હરિઉઁસ્વામી અને ભક્તિ સ્વામી આદિ સંતોએ પ્રાસંગિક પ્રવચન કરેલ. પારાયણનું સમગ્ર આયોજન યજમાન પ.ભ. જગદીશભાઈ ચિમનલાલ પટેલ પરિવાર અને સ.ગુ. વી.પી. સ્વામી (જેતલપુર)એ કર્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત ગામને નિયમ, નિશ્ચય અને પક્ષ અને શ્રી નરનારાયણદેવનો મહિમા માહાત્મય જીવનમાં રાખવા સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(સાધુ વ્રજવલ્લભદાસજી, જેતલપુરધામ)

ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર બીજો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારના શ્રી સ્વામિનારાયણ મંદિરના બીજા પાટોત્સવ પ્રસંગે ત્રણ દિવસની રાત્રી કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સંપ્રદાયના વિદ્વાન કથાકાર પૂજનીય સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, યુવાન કથાકાર શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંતશ્રી) તથા સ્વામી વિશ્વસ્વરૂપદાસજીએ ભગવાન શ્રીહરિની લીલા ચરિત્ર અને ધર્મકુળ માહાત્મ્યનું સુંદર સરળ શૈલીમાં કથામૃત પાન કરાવ્યું હતું. આ પ્રસંગે સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. શા. સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ મહાપૂજા વિધિ કરાવી હતી. પાટોત્સવના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીના પાટોત્સવની આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે આયોજીત પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ.

આચાર્ય મહારાજશ્રીએ સભાને આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષામાં ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓને પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઈનામ આપવામાં આવેલ.

પાટોત્સવના યજમાન પ.ભ. સોમાભાઈ નરસીભાઈ પટેલ (ગુલાબપુરાવાળા) પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સૌ ભક્તજનોએ દેવ દર્શન, આચાર્ય દર્શન કરી પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. શ્રી નરનારયણદેવ યુવક મંડળે પ્રેરણારૂપ સેવા બજાવી હતી.

(પ્રવિણભાઈ ટી. પટેલ)

એપ્રોચ (બાપુનગર) મંદિરનો ચતુર્થ પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ.ગુ. લક્ષ્મણજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી ફા.સુદ-૮ ના શુભ દિવસે એપ્રોચ મંદિરના ચતુર્થ પાટોત્સવ અંતર્ગત ઠાકોરજીનું ષોડશોપચાર વડે પૂજન, મહાભિષેક, ધૂન, કીર્તન, અન્નકૂટ તથા પ્રાસંગિક સભા વગેરે કાર્યક્રમો સંપન્ન થયા.

સવારના ૬-૪૫ કલાકે પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે દિવ્ય મૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજનો વેદોક્ત વિધિથી મહાભિષેક થયો હતો. શ્રી ઘનશ્યામ મહારાજની અન્નકૂટની આરતી પણ પ.પૂ. મહારાજશ્રીએ ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન પ.ભ. શ્રી અશોકભાઈ ઈશ્વરભાઈ પટેલ દ્વારા પ.પૂ. મહારાજશ્રીનું અર્ચન-પૂજન થયા બાદ અમદાવાદ મંદિરના માજી મહંત સ.ગુ. શા.શ્રી નિર્ગુણદાસજી સ્વામી, આનંદજીવનદાસજી તથા વિશ્વપ્રકાશદાસજી, કાંકરીયા મંદિરના મહંત ગુરુપ્રસાદદાસજી સ્વામી તથા શા. યજ્ઞપ્રકાશદાસજીએ સભાને પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદ મંદિરેથી શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. શ્રી રાજેશ્વરાનંદ સ્વામી તેમજ મથુરા, બદ્રીનારાયણ, વહેલાલ મંદિર વગેરે તીર્થસ્થાનના સંતો-મહંતો પધાર્યા હતા. પ.પૂ. મહારાજશ્રીએ શ્રીહરિનો સર્વોપરિ મહિમા કહીને આ ઉત્સવમાં સેવા તથા દર્શન કરનાર સર્વેનું મંગલ થાય તેવા શુભાર્શીવાદ આપ્યા હતા. તેમજ મુમુક્ષુજનોને કંઠી ધારણ કરાવી ગુરુમંત્ર આપ્યો હતો અને દરેક હરિભક્તોને ચરણ સ્પર્શનું સુખ આપ્યું હતું.

(ગોરધનભાઈ વી સીતાપરા)

ચાલો આપણે ધર્મકુળ વંદના મહોત્સવમાં નિયમ - સંકલ્પ લઈએ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની જન્મ દ્વિશતાબ્દી "ધર્મકુળ વંદના મહોત્સવ" (તા. ૧-૬-૨૦૦૯ થી તા ૩-૬-૨૦૦૯).

આ અલૌકિક દિવ્ય પ્રસંગે આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના જ અપર સ્વરૂપ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીને રાજી કરવા અને આપણા જીવનું શ્રેય અને રૂડું કરવા ચાલો આપણે નીચેના નિયમો લઈ અને તેની વિગત શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર અમદાવાદ (સાહિત્ય કેન્દ્ર પર પહોંચાડવી)

માળા કરવી ● પ્રદક્ષિણા કરવી ● પંચાગ પ્રણામ કરવા ● દંડવત કરવા ● જનમગંલના પાઠ કરવા ● મંત્ર લેખન કરવા ● વચનામૃત પાઠ કરવા ● ભક્તચિંતામણી પાઠ કરવા ● બાલચરિત્ર પાઠ કરવા ● કીર્તન બોલવા ● વંદુના પદ બોલવા ● સત્સંગ સભા કરવી ● સમૂહ કીર્તન ભક્તિ કરવી ● ઠાકોરજીની પધરામણી કરાવવી ● મહારાજશ્રીની પધરામણી કરાવવી ● સંતોની પધરામણી કરાવવી.

નામ _____

ઘરનું સરનામું _____

ફોન નં. (ઘર) _____ (ઓ) _____

(મો) _____

ધારણ કરેલ નિયમ (૧) _____

(૨) _____ (૩) _____

(૪) _____ (૫) _____

શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (દરબારોનું મંદિર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૮૩ મો પાટોત્સવ ફાગણ સુદ-૩ ને તા. ૨૮-૨-૦૯ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે મંદિરને સુંદર દેદિપ્યમાન શણગારવામાં આવેલ. સવારે ૭-૩૦ થી ૯-૩૦ કીર્તન ભક્તિ કાર્યક્રમ અને છેલ્લે સૌને પ્રસાદ આપવામાં આવેલ. શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષામાં ઉર્તિણ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર સાથે પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ.

(ડાભી શીવાજી રજુજી કોઠારી)

માધવગટ (તા. પ્રાંતીજ)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૯-૨-૨૦૦૯ના રોજ પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક આરતી, ત્યારબાદ વિષ્ણુયાગની શ્રીફળ હોમીને પૂર્ણાહુતિ કરી હતી. ત્યારબાદ ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી.

પ્રાસંગિક સભામાં નારણઘાટ મંદિરના મહંત શા. નાના "ી.પી. સ્વામી આદિ સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગનું આયોજન પ્રાંતીજના મહંત માધવ સ્વામીએ કર્યું હતું.

અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે બ્ર. પૂ. રાજેશ્વરાનંદજી આદિ સંત મંડળ પધાર્યા હતા. પ.ભ. ભલાભાઈને ત્યાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો ઉતારો રાખવામાં આવેલ.

(કોઠારીશ્રી)

આકરૂંદ ગામે સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે તા. ૨૮-૧૨-૦૮ ના રોજ સુંદર સત્સંગ સભાનું આયોજન સત્ય સંકલ્પ સ્વામીની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિરના આપણા સંપ્રદાયના મૂર્ધન્ય લેખક કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસ (બીલીયા) સ.ગુ. ઘનશ્યામ સ્વામી, ઉત્તમ સ્વામી અને હરિપ્રિયદાસજી વગેરે સંતોએ સર્વોપરિ ઈષ્ટદેવનું મહિમા સહિત માહાત્મ્ય અને શાકોત્સવનું પ્રયોજન અને ધર્મકુળ માહાત્મ્ય સમજાવ્યું હતું. આ પ્રસંગનો લાભ લેવા બાયડ, ડેમાઈ, ધનસુરા, રડોદરા અને સાયરી ગામના શ્રધ્ધાળુ હરિભક્તો પધાર્યા હતા.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, આકરૂંદ)

દહેગામ શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીંના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૨૬-૧-૦૯ના રોજ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતમંડળે પધારીને સૌ પ્રથમ કથા-વાર્તાનો સુંદર લાભ આપેલ. ત્યારબાદ ઠાકોરજી સમક્ષ ખીચડી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે ઘણા હરિભક્તોએ આ અલૌકિક પ્રસંગનો લાભ લીધો હતો.

(હરિભક્તો સમસ્ત દહેગામ)

શ્રી નરનારાયણદેવના પાટોત્સવ અને કાંકરિયા મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં થયેલા રોગનિદાન કેમ્પો

શ્રીહરિએ રોગીઓની સેવાને ઉત્તમ સેવા કહી છે. તેને સાર્થક કરતા આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી શ્રી નરનારાયણદેવના પાટોત્સવ અને કાંકરિયા મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં આપણા સેવા ભાવી ડૉ. રમેશભાઈ પરીખની રાહબરી હેઠળ કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે નીચેના સેવાભાવી નામાંકિત ડૉકટરોની ટીમો : એમ.ડી. ડૉ. દેવેન્દ્રભાઈ ગઢાદરા, ડૉ. હાર્દિકભાઈ પટેલ, એમ.એસ. ડૉ. ઉત્પલભાઈ દેસાઈ, ડૉ. ભરતભાઈ સોની, ગાયનેક ડૉ. શિલ્પાબેન ગજ્જર, ડૉ. યોગીનીબેન પરીખ, આંખના ડૉ. કુંદબેન ગજ્જર, ચામડીના ડૉ. હિરેન પટેલ, હાડકાના ડૉ. મુકેશભાઈ સ્વામિનારાયણ, ડૉ. ધર્મેન્દ્રભાઈ ગજ્જર, ડૉ. અરવિંદભાઈ પટેલ, ડૉ. સુકેતુ સ્વામિનારાયણ આદિ ડૉકટરોએ પોતાની કિંમતી સેવા આપી હતી. જેમાં સ્વયં સેવક તરીકે ભીખાભાઈ પટેલ, જશુભાઈ પટેલ, હસમુખભાઈ સરવૈયા, ભૂપેન્દ્રભાઈ પટેલ અને જાનકીબેન પટેલે સેવા આપી હતી. કુલ ૨૭૨ દર્દીઓએ લાભ લીધો હતો. જેમાં ૬૨ લોકોને કાર્ડિયોગ્રામ કાઢી આપેલ. અને ૭૨ લોકોને ડાયાબિટીશનું નિદાન કરી આપેલ.

(નિરંજનભાઈ કાંકરિયા)

વિદેશ સત્સંગ સમાચાર

ક્લિવલેન્ડ (અમેરિકા I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર

સર્વોપરિ શ્રી હરિની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા.સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી અત્રે આપણા મંદિરમાં તા. ૨૮-૨-૦૯ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. શા.સ્વામી ધર્મવલ્લભદાસજીએ શાકોત્સવનું માહાત્મ્ય સભામાં કહ્યું હતું. મહંત સ્વામી હરિનંદનદાસે ઠાકોરજીને સુંદર શણગાર ધરાવીને શાકોત્સવના દર્શન કરાવ્યા હતા. તા. ૧૫-૨-૦૯ના રોજ મહા શિવરાત્રીના હરિભક્તોએ સમૂહમાં શિવપૂજન કર્યું હતું.

જેનો મહિમા સંતોએ સુંદર રીતે વર્ણવ્યો હતો. બહેનો શ્રધ્ધા ભક્તિથી પ્રસાદની અવનવી વાનગીઓ બનાવીને ઠાકોરજીને ધરાવીને હરિભક્તોને પ્રેમથી જમાડવામાં આવે છે. હરિભક્તો પણ સુંદર સેવા કરે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(પ્રકાશભાઈ પટેલ ક્લિવલેન્ડ)

હ્યુસ્ટન (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવનો ૯ મો પાટોત્સવ ખૂબજ ધામધૂમ અને હર્ષોલ્લાસથી સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૩-૩-૦૯ થી તા. ૧૫-૩-૦૯ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત 'પુરુષોત્તમપ્રકાશ'ની કથા સ.ગુ. શા.સ્વામી ધર્મવલ્લભદાસજી (મૂળીવાળા)ના વક્તાપદે થઈ. ચાલુ વરસાદે પણ હરિભક્તો કથાનો લાભ લેવાનું ચૂક્યા ન હતા. ૧૪ માર્ચના મહાપૂજાના સુંદર આયોજનમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. આ પાટોત્સવમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધારે તેવી દરેક હરિભક્તોના મનમાં તીવ્ર ઈચ્છા હતી. પરંતુ પૂ. મહારાજશ્રીનો કોઈ પ્રોગ્રામ-કાર્યક્રમ હતો નહી. છતાં શ્રીજી મહારાજે એવું સુંદર આયોજન ગોઠવી દીધું ! 'ધર્મકુળ વંદના મહોત્સવ'ના ઉપલક્ષમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને સંત મંડળ સાથે અમેરિકા પધારવાનો પ્રોગ્રામ નક્કી થયો. અને હ્યુસ્ટન મંદિરના પાટોત્સવમાં રૂડું આગમન તથા હરિભક્તોની આનંદની સીમાનો કોઈ પાર ન હતો. હરિભક્તોએ ધામધૂમથી પ્રાણ પ્યારા પ.પૂ. મહારાજશ્રીનું સ્વાગત સામૈયું કર્યું. પોતાના વરદ્ હસ્તે શ્રી નરનારાયણદેવનો ૯ મો ષોડશોપચાર મહાભિષેક ધામધૂમથી સંપન્ન થયો. હજારો ભક્તજનોએ દર્શન કરી દિવ્યાનંદ માણ્યો. કે.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી નાના મોટા સૌ હરિભક્તોએ તન, મન અને ધનથી પાટોત્સવમાં સેવા બજાવી. અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા ધર્મકુળ વંદના મહોત્સવમાં પણ હરિભક્તોએ નોંધપાત્ર સેવા કરીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો.

(રમેશ ટી. પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O.) ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અહીંના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શિવરાત્રી મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. ત્રણ દિવસના આ ભવ્ય મહોત્સવનો ૧૨૦૦ થી પણ વધારે હરિભક્તોએ લાભ લીધો. શિવરાત્રીના દિવસે સાંજે શિવ મહાપૂજાનાં ઉપલક્ષમાં ૭૦ કુટુંબોએ શિવ અભિષેક અને મહાપૂજાનો લ્હાવો લીધો.

(ડૉ. કાંતિભાઈ પટેલ)

[શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના]

૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી મીનાબેન જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી સરલાબેન ભરત પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી લીનાબેન કીર્તિકુમાર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - અમેરિકા
૧૦૧-૦૦ શ્રી ચંદ્રિકાબેન મહેન્દ્ર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ - નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી રીટાબેન દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લે
૧૦૧-૦૦ શ્રી સ્નેહા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી રૂચિતા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી જીનલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી મિતલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી હેતવી દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ - વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી પુષ્પાબેન હેમરાજ મારવી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	જીરાગઢ - અમદાવાદ
૫૦૧-૦૦ શ્રી પ્રવિણભાઈ બાળકૃષ્ણભાઈ ઉપાધ્યાય શ્રીજી પ્રસન્નાર્થે	બોપલ-અમદાવાદ
૧૧૧-૦૦ શ્રી પ્રવિણચંદ્ર મોતીલાલ કાછીયા ચિ. હિરલના લગ્ન પ્રસંગે	પેટલાદ
૧૦૧-૦૦ શ્રી દરબાર ગાયેન્દ્રસિંહજી મહેન્દ્રસિંહજી શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી દેવજીભાઈ દયાળજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	
૧૫૧-૦૦ શ્રી ધ્યાનીબેન સંજયકુમાર શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૧-૦૦ શ્રી વિનુભાઈ હિરાભાઈ પટેલ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	સોજીત્રાવાળા
૧૦૧-૦૦ શ્રી કલ્પેશભાઈ જયંતીલાલ શાહ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૨૦૦-૦૦ ચિ. હેત મિનેષકુમાર સોમાભાઈ પટેલ બાબરી ઉતરાવી તે નિમિત્તે	મોખાસણ
૨૦૦-૦૦ શ્રી દશરથભાઈ જેશંગભાઈ પટેલ ચિ. સમતાબેનના લગ્ન પ્રસંગે	વડુવાળા
૧૦૦-૦૦ હજુરી પાર્ષદ કનુ ભગત શ્રીજી પ્રસન્નાર્થે	સ્વા. બાગ
૧૫૧-૦૦ અનિ. વૈધરાજ ધીરજલાલ આણંદજી પારેખ ૧૨ મી પુણ્ય તિથિ નિમિત્તે	ગઢડા
૧૦૧-૦૦ શ્રી મુકેશભાઈ ભુદરદાસ પટેલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં જીત્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામસિંહ વાઘુભા ઝાલા પૌત્ર કૃષ્ણદેવસિંહ નરેન્દ્રસિંહ મેડીકલમાં પાસ થયા તે નિમિત્તે	અડવાળ
૭૦૪-૦૦ શ્રી એમ. જે ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	લેસ્ટર (યુ.કે.)
૧૦૧-૦૦ શ્રી ગોવિંદભાઈ અંબાલાલ પટેલ ચિ. નિશાના શુભ લગ્ન પ્રસંગે	વડુ
૧૦૦-૦૦ શ્રી શાંતાબેન અમૃતભાઈ જે. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઘોડાસર
૧૧૧-૦૦ શ્રી નટવરલાલ રણછોડલાલ મોદી એકટીવા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી જયશ્રીબેન બળદેવભાઈ પંચાલ સ્વાસ્થય સારું થાય તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી સંજયભાઈ મહેશભાઈ કાછીયા લગ્ન પ્રસંગે	અમદાવાદ
૨૧૨-૦૦ શ્રી નરનારાયણ કિરાણા સ્ટોર્સ શ્રીજી પ્રસન્નાર્થે	મારૂસણા
૧૫૧-૦૦ શ્રી જસુમતીબેન કાંતિલાલ ગજજર ચિ. ધ્રુવિનના લગ્ન પ્રસંગે	સાબરમતી
૧૦૧-૦૦ મેઘા તથા વસંતીબેનના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પૂજ્ય મોટા મહારાજશ્રીએ 'નિરવ' નામ કરણ પાડ્યું તે નિમિત્તે શ્રી મનીષભાઈ પરિવાર	રાજકોટ
૧૦૧-૦૦ શ્રી રાજેશકુમાર ચૌહાણ લગ્ન પ્રસંગે	લીમડી દાહોદ
૧૦૧-૦૦ શ્રી ભારતીબેન પ્રવિણકુમાર દરજી ચિ. કરણના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી ઉષાબેન દિલીપભાઈ પટેલ ચિ. કિંજલના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦ અનિ. મૃદુલાબેન સતીષચંદ્ર પટેલ પુણ્ય તિથિ નિમિતે	હાંસોલ
૧૦૦-૦૦ શ્રી પ્રતિકકુમાર મંગલદાસ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	

૨૫૧-૦૦ શ્રી પંકિલ પંકજભાઈ ઠક્કર શ્રી નરનારાયણદેવની કૃપાથી મારૂતિ સ્વીફટ કાર લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ એક હરિભક્ત તરફથી દાદાની પુણ્ય તિથિ નિમિત્તે	સઈજ
૧૦૧-૦૦ શ્રી પરેશભાઈ હીરાભાઈ ઝવેરી ચિ. નિધિની સગાઈ નિમિત્તે	વાંકાનેર
૧૦૧-૦૦ શ્રી આનંદબા ઘનશ્યામસિંહ વાઘેલા શ્રીજી કિરાણા સ્ટોર્સ નિમિત્તે	ગોધાવી
૧૦૧-૦૦ શ્રી તારાબેન ઘનશ્યામસિંહ વાઘેલા શ્રીજીપ્રસન્નાર્થે	ગોધાવી
૧૦૦-૦૦ શ્રી જીગર ગોવિંદભાઈ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	કોઠંબા
૧૦૦-૦૦ શ્રી ચંપાબેન દિનેશભાઈ પટેલ ચિ. ભાણા ભવ્યના જન્મ દિન પ્રસંગે	કનીપુર
૧૫૦-૦૦ શ્રી પુષ્પાબેન નારણભાઈ રણછોડભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૦-૦૦ શ્રી નારણભાઈ રણછોડભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૦-૦૦ શ્રી સવિતાબેન મગનલાલ જાવીયા ચિ. હર્ષદના લગ્ન પ્રસંગે	સુરત
૧૦૦-૦૦ શ્રી કૃપાલકુમાર હસમુખભાઈ પટેલ એલ.એન્ડ.ટી. કું.માં એપ્રેન્ટીસ નિમિત્તે	સાબલવાડ
૧૦૦-૦૦ ટાંક દર્શનકુમાર, પુનિત અને જય શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે	સુરત
૧૦૦-૦૦ શ્રી જે. જે. ભાવસાર શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી જાગૃતીબેન - જ્યોતિબેનના લગ્ન પ્રસંગે	દેલવાડા
૧૦૧-૦૦ શ્રી ગોવિંદભાઈ રામદાસ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	દેલવાડા
૧૦૦-૦૦ અ.નિ. મધુબેન કમાભાઈ બૂટીયાના સ્મરણાર્થે	કાલીયાણા
૧૦૧-૦૦ શ્રી જતીન અરવિંદકુમાર મોદી નવું બાઈક લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી સુલોચનાબેન સુરેશભાઈ ઝવેરી શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	મુંબઈ
૧૦૦-૦૦ શ્રી પરેશકુમાર તુલસીદાસ દોંગા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી દિશાંત જગદીશકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા (ખેરોલ)
૧૦૧-૦૦ દેવ કેતનકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા (ખેરોલ)
૧૦૦-૦૦ શ્રી પ્રવિણચંદ્ર ગંગારામ સોની લગ્ન તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી માણેકલાલ જોઈતારામ પટેલ ચિ. ધવલના લગ્ન પ્રસંગે	કરજીસણ
૧૧૧-૦૦ શ્રી વિરલબેન પિયુષકુમાર પટેલ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦ નાકરાણી નાથીબેન શ્રીજી પ્રસન્નાર્થે	ઠક્કરનગર
૧૦૧-૦૦ શ્રી તેજલ કુલદિપ પટેલ જન્મ દિન નિમિત્તે	
૧૦૧-૦૦ શ્રી ગૌરીબેન પટેલ ચિ. પંક્તિ ઓસ્ટ્રેલિયા ગયો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે	સેટેલાઈટ
૧૦૦-૦૦ શ્રી છાયાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૫૦૧-૦૦ શ્રી ભાવિનીબેન બિપીનચંદ્ર પટેલ નોકરી મળી તે નિમિત્તે	રનેલા
૧૫૧-૦૦ શ્રી ઈશ્વરભાઈ બાપુભાઈ ચૌધરી અમેરિકાના ૧૦ વર્ષના વિઝા મળ્યા તે નિમિત્તે	માણેકપુર
૧૦૧-૦૦ શ્રી અંબાબેન રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૧-૦૦ શ્રી ચંચળબેન મનસુખભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રતનપુર
૧૦૧-૦૦ શ્રી કેશવભાઈ ધનજીભાઈ રાઠોડ ચિ. સંજયના લગ્ન પ્રસંગે	રાજકોટ
૧૦૧-૦૦ શ્રી ભાણજીભાઈ ધનજીભાઈ ટાંક ચિ. હેતલના લગ્ન પ્રસંગે	રાજકોટ
૧૦૧-૦૦ શ્રી ભાણજીભાઈ ધનજીભાઈ ટાંક ચિ. ચેતનાના લગ્ન પ્રસંગે	રાજકોટ
૧૦૧-૦૦ શ્રી દેવશીભાઈ મેઘજીભાઈ ધાનાણી ચિ. વનીતાના લગ્ન પ્રસંગે	રાજકોટ
૧૦૧-૦૦ કા.પ. કેતનકુમાર નવિનભાઈ પુત્ર જન્મ પ્રસંગે	બાલાસિનોર
૧૦૧-૦૦ શ્રી મિથુનકુમાર કેશવલાલ પટેલ લગ્ન પ્રસંગે	ઉનાવા
૧૦૧-૦૦ શ્રી હિતેષ નારણભાઈ વરૂ પુત્રીના જન્મ પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી હિરલ તથા તન્મય શ્રીજી પ્રસન્નાર્થે	વિર્લેપાર્લા મુંબઈ
૧૦૧-૦૦ શ્રી રમાબેન બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ મુંબઈ
૧૦૧-૦૦ શ્રી રણછોડભાઈ એમ. બૂટીયા ચિ. ભાણેજ મિતરાજ કિરીટસિંહ પરમાર સાકર તુલા નિમિત્તે	બળોલ-ભાલ

૧૦૧-૦૦ શ્રી લાભુભાઈ વી. પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	મોરબી (સબજેલ)
૧૦૦-૦૦ શ્રી રમેશભાઈ પ્રેમજીભાઈ મનાણી ચિ. કિરણબેનના લગ્ન પ્રસંગે	જામસરવાળા
૧૦૧-૦૦ શ્રી દામજીભાઈ શામજીભાઈ રાઠોડ ચિ. અશોકકુમારના લગ્ન પ્રસંગે	જીરાગઢ
૧૦૦-૦૦ શ્રી કલ્પેશ ઈશ્વરભાઈ પટેલ સિવિલ એન્જી.માં ફર્સ્ટક્લાસ નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી આર.એચ. સોની નવા બિજનેશમાં સફળતા નિમિત્તે	નવસારી
૧૦૦-૦૦ શ્રી મીનાબેન વિનોદભાઈ રાઠોડના સ્મરણાર્થે	જામસર
૧૦૦-૦૦ શ્રી મીતાબેન રાજેન્દ્રકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ધનસુરા
૧૦૧-૦૦ શ્રી ઉન્નતિ જીતેન્દ્ર ટાંક રિપોર્ટ નોર્મલ આવ્યો તે નિમિત્તે	મુંબઈ
૨૦૦-૦૦ શ્રી મેહુલભાઈ ચંદુભાઈ બૂટીયા લગ્ન પ્રસંગે	કાલીયાણા
૧૫૧-૦૦ શ્રી મીનાબેન પ્રકાશકુમાર પટેલ ચિ. જીગરના લગ્ન પ્રસંગે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી મુકેશભાઈ જગજીવનદાસ મીસ્ત્રી શુભ પ્રસંગે	માણેકપુર
૧૦૧-૦૦ શ્રી રમેશચંદ્ર શાંતિલાલ ભાવસાર ધર્મકુળવંદના મહોત્સવ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી જીયાબેન સતીષકુમાર ભાવસાર ધૂળેટી નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી કનુભાઈ મીરાણી ચિ. રિતેશ (ભત્રીજા)ના લગ્ન પ્રસંગે	આદીપુર (કચ્છ)
૨૦૧-૦૦ શ્રી વ્યોમિકા જીગરકુમાર ઓઝા પ્રથમ પગાર નિમિત્તે	મેલબોર્ન
૨૦૧-૦૦ શ્રી મંજુલાબેન ગણેશભાઈ પટેલ પુણ્યતિથિ નિમિત્તે	બામરોલી
૫૦૧-૦૦ શ્રી રમેશભાઈ મહાદેવભાઈ ચૌધરી નોટરી તરીકે નિયુક્તિ થઈ તે નિમિત્તે	બાપુપુરા
૧૦૫-૦૦ શ્રી ઘનશ્યામભાઈ જયંતીલાલ ગોકળદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કરજીસણ
૧૦૧-૦૦ શ્રી મૌલિકકુમાર ભીખાભાઈ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	ઉનાવા
૧૦૧-૦૦ જયની ટ્રેડીંગ કું. શ્રીજી પ્રસન્નાર્થે	ભાયંદર મુંબઈ
૧૦૦-૦૦ ધ્વનિ નિમેષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૧૧-૦૦ શ્રી હાર્દિકકુમાર અરવિંદભાઈ પટેલ એચ.એસ.સી. બોર્ડની પરીક્ષા નિમિત્તે	વક્તાપુર
૧૫૧-૦૦ શ્રી કેતન ભૂપેન્દ્રભાઈ શાહ પુત્ર જન્મ પ્રસંગે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી મહેશભાઈ પશાભાઈ પટેલ નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે	લાલોડા
૧૦૧-૦૦ શ્રી વિશાલ રમાકાન્ત મીસ્ત્રી નવું બાઈક છોડાવ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ ચૌહાણ માધવસિંહ ખુમાનસિંહ ડિપ્લોમાં પાસ થયા તે નિમિત્તે	ટાંકીયા
૧૦૧-૦૦ શ્રી વિમલકુમાર નારણદાસ કા.પ. પુત્ર જન્મ પ્રસંગે	ધનસુરા
૧૦૧-૦૦ શ્રી ઉમંગ કિશોરભાઈ ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	રાજકોટ

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

મહેસાણા : પ.ભ. મોદી જયંતીલાલ ડાહ્યાલાલ શ્રોફ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-બાપુનગર : પ.ભ. જમનાબેન શામજીભાઈ ડોબરીયા તા. ૮-૩-૨૦૦૯ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બાલવા : પ.ભ. બળદેવભાઈ મોતીજી ચૌધરી (ખરવાડ) તા. ૧૪-૨-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અસલાલી : પ.ભ. બચુભાઈ ટેક્ષીવાળાના સાળા પ.ભ. જસભાઈ સારાભાઈ પટેલ (પૂજારી) તા. ૨૨-૨-૨૦૦૯ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

માંડલ : શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજારી સાંખ્યયોગી કુંવરબા (૯૩ વર્ષ) તા. ૧૫-૨-૨૦૦૯ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વિરમગામ : પ.ભ. મોહનલાલ ધારશીભાઈ ઠક્કરના ધર્મપત્ની અ.સૌ. લલીતાબેન મોહનલાલ ઠક્કર તા. ૧૦-૩-૨૦૦૯ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



ઓળા ગામે પારાયણ પ્રસંગે પૂ.મહારાજશ્રીનું
પૂજન કરતા યજમાનશ્રીઓ





ઓળા ગામે પારાયણ પ્રસંગે હરિભક્તોની વિશાળ સભામાં વક્તા પૂ.પી.પી. સ્વામી અને યજમાનશ્રી

જેતલપુર શ્રી રેવતીબળદેવજી હરિકૃ
મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિ
તથા અન્નકૂટ દર્શન





વિહાર ગામે બહેનોના મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ
આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

"ધર્મકુળ વંદના મહોત્સવના ઉપલક્ષમાં મોટેરા, સાબરમતી, જનતાનગર, નારણઘાટ યુવક મંડળ આયોજીત શ્રી નરનારાયણદેવ દર્શન પદયાત્રા

Registered under RNI GUJGUJ/2007/20221 Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC003 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07- 08 valid up to 31/12/2011




ચેરીહીલ(સાઉથજર્સી) આપણા મંદિરમાં ''ધર્મકુળ વંદના મહોત્સવ''ના ઉપલક્ષમાં આયોજીત સભામાં આશીર્વચન પાઠવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી શા.હરિકૃષ્ણદાસજી, દેવસ્વામી(નારણઘાટ), નારાયણવલ્લભ સ્વામી (વડનગર) અને રામસ્વામી(કોટેશ્વર)




ચેરીહીલ આપણા મંદિરના દેવોની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



રાણીપ બહેનોના મંદિરના ૧૦મા પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી



શ્રી નરનારાયણ દેવ

प.पू. आदि आचार्य
श्री अयोध्याप्रसादजी
महाराज श्री
जन्म द्विशताब्दी
महोत्सव

ધર્મકુળ વંદના મહોત્સવ



પ.પૂ. આદિ આચાર્ય
શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી

તા. ૧ થી ૩ જૂન ૨૦૦૯ જેઠ સુદ ૯ થી ૧૧ સુધી

સ્થળ:- ગણેશ હાઉસીંગ કોર્પો.લી., સરખેજ-ગાંધીનગર રોડ,
થલતેજ ચોકડીથી સોલા બ્રીજ વચ્ચે, થલતેજ, અમદાવાદ



પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



-:આયોજક:-
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧

ful Kharsani